ગુજરાત ભૂગોળ.

મુબઈ ઇલાકા ને હિંદુસ્તાનના વિશેષ

તથા

એશિઆખંડના સામાન્ય વર્ણન સહિત

લખનાર

મહાસુખરામ હરગોવિંદદાસ.

મુંબઈ.

પારસી પ્રિંટિંગ પ્રેસમાં છાપી.

સંવત્ ૧૯૪૬ સન ૧૮૯૦

કીમત ૩ આના.

સૂચના.

જાણીતી બાબતપરથી અજાણી બાબત શીખવા કે શીખવવાનો નિયમ છે. એજ નિયમાનુસારે આ ભૂગોળ જેમ શિક્ષકોએ શીખવવી તેમજ વિદ્યાર્થીઓએ પણ શીખવી.

શાળોપયોગી આ પુસ્તક શાળાઓમાં શીખતા વિદ્યાર્થીઓ ઉપરાંત સર્વને ઉપયોગી થાય એવી રીતે રચવાને, ખોજા ખા૦ બ૦ એંગ્લોવર્નાકયુલર સ્કૂલના હેડમાસ્તર અને મારા પરમ સ્નેહી રા૦ રા૦ માણેકલાલ અમૃતલાલ દવેએ જે કીમતી સૂચનાઓ કરી છે તે સારૂ તેમનો; તેમજ જે જે પુસ્તકાધારે આ નાની ચોપડી લખીછે તે તે પુસ્તકોના મૂળકર્ત્તાનો પણ આ પ્રસંગે તેનો લખનાર ઉપકાર માનેછે.

મ૦ હ૦ દાણી.

કમીશન એજંટોને સારી તક.

શાળોપયોગી **"મુંબઇની ભૂગોળ"** તથા આ **"ભૂગોળ"** ખરીદનારાઓને પચીસ ટકા કમીશન આપવામાં આવશે. માટે મુંબઇના તેમ જ દેશદેશાવરના કમીશન એજંટોએ પોતાના આરડરો તાકીદથી મુંબઇમાં કાળકાદેવીના રસ્તાપર **"પુસ્તક પ્રસારક મંડળી"** અથવા **કર્ત્તા** જોગ લખી મોકલવા.

ભૂગોળ.

પૃથ્વી ગોળ છે તેનાં કારણો.

પૃથ્વીના ગોળા વિષેનું જેનાથી જ્ઞાન મળે તેનું નામ ભૂગોળવિદ્યા. પૃથ્વી ગોળ છે તેનાં કારણો:-(૧) પૂર્વ દિશાના દેશોમાં સૂર્ય વહેલો ઉગેછે અને પશ્ચિમ ભણીના દેશોમાં સૂર્યને ઉગવાને વિશેષ વખત લાગેછે માટે પૃથ્વી ગોળ હોવી જોઇએ. (૨) પૃથ્વીના સઘળા ભાગપર એકે વખતે સૂર્યોદય તથા સૂર્યાસ્ત થતો નથી. વળી આથમતા સૂર્ય સમગે બલુનમાં બેસી ઘણે ઊંચે ચઢીને જોવાથી જ્યારે પૂર્વમાં રાત પડતી દેખાયછે ત્યારે પશ્ચિમમાં સૂર્ય ઉગતો નજરે પડેછે; માટે પૃથ્વી પૂર્વ પશ્ચિમ ગોળ હોવી જોઇએ. (૩) દક્ષિણ દિશાથી આપણે જેમ જેમ ઉત્તર તરફ જઇએ છીએ તેમ તેમ ધ્રુવનો તારો ઊંચો દેખાયછે, પણ તે સઘળી દિશાએથી એકસરખો ઊંચો દેખાતો નથી, તે ઉપરથી એવું સિદ્ધ થાયછે કે 'પૃથ્વી દક્ષિણ ઉત્તર ગોળ હોવી જોઇએ. (૪) કોઇ ઊંચા કિલ્લા, પર્વત, ઝાડ અને વહાણ વગેરેની દૂરથી પ્રથમ ટોચ દેખાયછે, પછી મધ્ય ભાગ અને તેની છેક પાસે જઇએ

ત્યારે નીચલો ભાગ નજરે પડેછે, પણ પૃથ્વી સપાટ હોય તો એમ દેખાય નહિ, માટે તે ગોળ હોવી જોઇએ. (૫) દરીઆના કાંઠા પાસેથી જ્યારે વહાણ ચલાવવામાં આવેછે ત્યારે શરૂઆતમાં તેનું તળીઉં, પછી સઢ અને છેક દૂર ગયા પછી તેની ટોચ પણ દેખાતી નથી માટે પૃથ્વી ગોળ હોવી જોઇએ. (૬) જમીનની સપાટી પરથી કે મેદાનમાંથી આપણી સામે જ્યારે કોઇ માણસ ઘણે દૂરથી આવતું હોયછે ત્યારે પ્રથમ તેના માથાપરનો ભાગ, પછી મોં, પછી પેટ અને છેક નજીક આવે ત્યારે તેના પગ દેખાયછે, પણ જો પૃથ્વી ગોળ ન હોય તો માથું ને પગ એકી વખતે દેખાય, પણ તે તેમ દેખાતું નથી માટે પૃથ્વી સપાટ નહિ પણ ગોળ હોવી જોઇએ. (૭) ખગોળવિદ્યાથી સિદ્ધ થયુંછે કે સૂર્ય, ચંદ્ર, મંગળ, બુદ્ધ, બૃહસ્પતિ, શુક્ર, શની અને પૃથ્વી એ સર્વ ગ્રહો છે અને તે સર્વ ગોળ છે ત્યારે એ ગ્રહોમાં ગણાતી પૃથ્વી પણ ગોળ જ હોવી જોઇએ. (૮) જોતિષશાસ્ત્રના આધારથી એવું સિદ્ધ થયુંછે કે, જ્યારે ચંદ્રગ્રહણ થાયછે ત્યારે ચંદ્રપર પૃથ્વીની છાયા વર્તુળાકાર અથવા વર્તુળ ખંડાકાર પડેછે, પણ જો પૃથ્વી ગોળ ન હોય તો તેની છાયા કદી ગોળ પડે નહિ. જેવો પદાર્થ તેવી તેની છાયા પડેછે. આ નિયમે જોતાં પણ પૃથ્વી ગોળ હોય તો જ તેની છાયા ગોળ પડે. આ કારણથી પણ સિદ્ધ થાયછે કે પૃથ્વી ચપટી કે થાળી જેવી નહિ પણ દડા કે નારંગીના જેવી ગોળછે. (૯) આકર્ષણના નિયમથી

પણ પૃથ્વી ગોળજ હોવી જોઇએ કેમકે હરકોઇ ગોળ પદાર્થના મધ્યબિંદુથી તેનાં સઘળાં પરમાણું સરખા બળે ખેંચાયછે. આ જ કારણથી પારાની ગાંગડીઓ અને ઝાકળનાં ટીપાં ગોળ બંધાઇ જાયછે માટે પૃથ્વી ગોળ હોવી જોઇએ. (૧૦) કોઇપણ ગોળ પદાર્થની પ્રદક્ષિણા કરવાસારૂ ફરીએ છીએ ત્યારે શરૂઆતે જ્યાંથી ફરવા નીકળ્યા હોઈએ છીએ ત્યાં જ અંતે ફરીને પાછા આવીએ છીએ; તે જ પ્રમાણે જેઓ વહાણમાં કે આગ-બોટમાં બેસીને પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવ્યાછે તેઓ દિશા બદલ્યા વગર જે દિશાએથી નીકળ્યા હોયછે, તે જ દિશામાં પાછા આવ્યાછે એ ઉપરથી પણ સિદ્ધ થાયછે કે પૃથ્વી ગોળ છે. પરતું કેવળ ગોળ નથી. જેમ નારંગી બે છેડા આગળ ચપટી છે તેમ પૃથ્વી પણ ઉત્તર તથા દક્ષિણ ભાગ આગળ જરા ચપટી છે. પૃથ્વીની પહેલ વહેલી પ્રદક્ષિણા માગેલ્લન નામે પરાક્રમી પુરુષે કરી હતી. એ પછી દ્રેક, હીમસ્કર્ક અને કુક વગેરેએ પણ પૃથ્વીની પ્રદક્ષિણા કરીછે.

———:o:———

દિશાઓ.

મૂળ દિશાઓ ચાર છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, અને દક્ષિણ. એ ચાર દિશાપરથી બીજી દિશા થયેલી છે તેને ખુણા કહેછે. અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય, અને ઇશાન. વળી કેટલાક આકાશ અને પાતાળ એ બે દિશા સુધાં દશ દિશા ગણેછે. દિશાઓને જાણવાનું મુખ્ય સાધન

સૂરજ છે. તે ન દેખાતો હોય તો ધ્રુવના તારા પરથી જાણી શકાયછે, કેમકે સૂર્ય જેમ હમેશાં પૂર્વમાં ઉગેછે તેમ આ તારો પણ ન દેખાતો હોય તો વહાણવટીઓ, ચીનાલોકોએ શોધી કાઢેલું હોકાયંત્ર નામનું એક યંત્ર, પોતાની પાસે રાખેછે; તેની સોય નિરંતર ઉત્તર દિશા તરફ જ રહેછે, તેથી ઉત્તર દિશા જણાયછે. અને તે પરથી બાકીની સઘળી દિશાઓ સહજમાં માલમ પડેછે.


પૃથ્વીની જે દિશામાં સવારના સૂરજ ઉગેછે તે પૂર્વ દિશા જાણવી. અને પૃથ્વીની જે દિશામાં સાંજના સૂરજ આથમતો જણાયછે તે આથમણી કે પશ્ચિમ દિશા જાણવી. સરીરના જે દિશામાં સૂરજ ઉગેછે તે તરફ મોં કરી ઉભા રહીએ તો જેણી ગમ આપણો ડાબો હાથ આવે તે ઉત્તર દિશા અને જેણી ગમ જમણો હાથ આવે તે દક્ષિણ દિશા જાણવી.

ખુણા.

પૂર્વ ને દક્ષિણની વચ્ચેનો ખુણો તે અગ્નિ; દક્ષિણ અને પશ્ચિમની વચ્ચેનો ખુણો તે નૈઋત્ય; પશ્ચિમ અને ઉત્તરની વચ્ચેનો ખુણો તે વાયવ્ય; ઉત્તર અને પૂર્વની વચ્ચેનો ખુણો તે ઈશાન ખુણો જાણવો.

નકશાની દિશાઓ.

સપાટ વસ્તુ ઉપર કોઇ પણ પદાર્થ કે પ્રાણીના સઘળા કે તેના કોઇ પણ ભાગના ટુંકામાં કાઢેલા આબેહુબ નમુના અથવા આકારને નકશો કહેછે.



નકશો સીધો રાખી તેના સામા આપણે ઉભા રહીએ તો ઉપરનો એટલે મથાળાનો ભાગ તે ઉત્તર દિશા; અને ડાબા હાથ તરફની તે પશ્ચિમ દિશા; નીચલો એટલે ભોંય તરફનો ભાગ તે દક્ષિણ દિશા તથા જમણા હાથ તરફની તે પૂર્વ દિશા જાણવી. આ ઉપરથી નકશામાં ખુણા તો સહેલથી સમજાશે જ.

વ્યાખ્યાઓ.

પૃથ્વીની સપાટી જળ તથા જમીનની બનેલી છે. માટે જમીન તથા જળના આકાર, વેપાર, વસ્તી, ઉપયોગ તથા રાજ્યવ્યવસ્થા અને સ્વાભાવિક કારણોપરથી તેના નીચે પ્રમાણે અનેક વિભાગ થયાછે.

જમીનના વિભાગમાં:–મહાદ્વીપ, ખંડ, દ્વીપ, દ્વીપકલ્પ, સંયોગીભૂમિ, ભૂશિર, ઊંચપ્રદેશ, મેદાન, કિનારો, ડુંગર, પર્વત, ખીણ, જવાળામુખીપર્વત, જંગલ, રણ, ખરાબો, છલાકો, પ્રાંત; જીલ્લો, પરગણું, શહેર, કસબો, ગામ, બંદર, સંસ્થાન, એજન્સિ, અને જળપ્રદેશ છે.

પાણીના વિભાગમાં:–મહાસાગર, સમુદ્ર, ખાડી, અખાત, ઉપસાગર, સામુદ્રધુની, સરોવર, તળાવ, નદી,

ઝરો, નદીનુંમૂળ તથા મુખ અને શાખા, સંગમ અને દોઆબ છે.

જમીનના વિભાગની વ્યાખ્યાઓ.

મહાદ્વીપ—જમીનના જે મોટામાં મોટા ભાગને મહાસાગર વિંટાઇને તેમાં અનેક ખંડ તથા દેશો આવેલા હોયછે તેને મહાદ્વીપ કહેછે.

ખંડ—જમીનના જે મોટા ભાગમાં ઘણા દેશ આવેલા હોય તેને ખંડ કહેછે.

બેટ-પૃથ્વીનો જે ભાગ ચો બાજુ પાણીથી વિંટાયલો હોયછે તેને દ્વીપ, ટાપુ અથવા બેટ કહેછે.

દ્વીપકલ્પ—જમીનનો જે ભાગ ત્રણ બાજુ પાણીથી વિંટાયલો હોય તથા એક ભાગ જમીન સાથે જોડાયલો હોય તેને દ્વીપકલ્પ કહેછે.

સંયોગીભૂમિ—બે બાજુએ પાણી હોઇને જમીનના બે મોટા ભાગને સાંધનાર જમીનનો જે સાંકડો ભાગ તેને સંયોગીભૂમિ કહેછે.

ભૂશિર-જમીનની જે અણી લાંબી થઇને સમુદ્રમાં ગયેલી હોયછે તેને ભૂશિર કે ભૂશલાકા કહેછે.

ઊંચપ્રદેશ—સમુદ્રની સપાટી કરતાં ઘણા ઊંચાણમાં એટલે પહાડ કે પર્વતો પર આવેલા મૂલકને ઊંચપ્રદેશ કહેછે.

મેદાન—જમીનની જે સપાટી સમુદ્ર કરતાં ઘણી

ઊંચી નથી હોતી તેવા સપાટ જમીનના પ્રસરેલા ભાગને મેદાન અથવા પ્રદેશ કહેછે.

કિનારો અથવા કાંઠો—સમુદ્રને અડકેલા જમીનના ભાગને કિનારો કે કાંઠો કહેછે.

ડુંગર તથા પર્વત—પૃથ્વીપરના ઊંચા ટેકરા જે મળેલા હોયછે તેને ડુંગર કહેછે. એવા ડુંગરો કેટલાક મૈલ સુધી લાંબા અને ઊંચા ગયેલા હોયછે તેને પર્વત કહેછે. એવા જોડાયલા ડુંગર અને પર્વતોને ડુંગરા તથા પર્વતોની હાર કહેછે.

ખીણ—બે ડુંગરા કે પર્વતની વચ્ચેના નીચા પ્રદેશને ખીણ કહેછે.

જ્વાળામુખીપર્વત—જે પર્વતમાંથી ધૂમાડાના ગોટ, રાખ અને રસ જેવો ગરમ પ્રવાહી પદાર્થ નીકળેછે તેને જ્વાળામુખીપર્વત એટલે બળતો પહાડ કહેછે.

જંગલ—પૃથ્વીની સપાટીનો જે ભાગ ઝાડોની ઘટાથી છવાઇ રહ્યો હોય તેને જંગલ કહેછે.

રણ—જમીનનો જે ભાગ કેટલાક ગાઉ સુધી બહુ રેતાળ હોય અને જ્યાં માણસ વસી શકતાં ન હોય તથા ઝાડ, પાન કે પાણી પણ જવલેજ મળે તેને રણ કહેછે.

ખરાબો—સમુદ્રમાં આવેલા ટેકરા અથવા ડુંગરને ખરાબો કહેછે.

ઇલાકો—જેમાં ઘણાંએક શહેર હોય અને ખાલસા તથા ખંડીઆ મૂલકો આવેલા હોય તેને ઇલાકો કહેછે.

પ્રાંત કિંવા દેશ—જેમાં ઘણા જીલ્લા, સંસ્થાન,

શહેર, નદી અને ડુંગર વગેરે આવેલા હોય તેને અથવા ભાષા ભેદથી કે કુદરતથી જુદા પડેલા જમીનના ભાગને પ્રાંત કિંવા દેશ કહેછે.

જીલ્લો—જેમાં ઘણાં પરગણાં કે તાલુકા તથા થાણાં અને ગામ આવ્યાં હોય તેને જીલ્લો કહેછે.

પરગણું—જેના તાબા તળે ઘણાં નાનાં મોટાં ગામો આવી તાલુકો બંધાયલો હોય તેને પરગણું કહેછે.

શહેર—જે ગામમાં મોટાં છોબંધ તથા હારબંધ ઘરો પાકી બાંધણીથી બાંધેલાં હોય અને સારાંસારાં ચૌટાં કે બજાર હોય અને જ્યાં વિધાહુન્નરનાં કારખાનાં તથા સારો વેપાર ચાલતો હોય તેને શહેર કહેછે.

કસબો—જે ગામમાં ઘણાં નાનાં મોટાં ઘરોની વસ્તી તથા બજાર વગેરે હોય અને જે ગામના લોકો થોડા કે ઘણા કસબી હોય તેવા મોટા ગામોને કસબો કહેછે.

ગામ—જે જગામાં થોડાં ઘરોની વસ્તી હોય તેને ગામ કહેછે. એથી પણ છેક થોડાં ઘરોની વસ્તીવાળા ભાગને ગામડું, અને તેથી પણ નાના ભાગને મુવાડું કહેછે.

બંદર—મોટી નદી કે દરિઆકાંઠે વેપારના મથકનું જે ગામ કે શહેર હોય ને તેના બારામાં વહાણ આવ જાવ કરતાં હોય તો તેને બંદર કહેછે.

સંસ્થાન—રાજાઓના વસાવેલા નાના નાના ખંડીઆ મૂલકને સંસ્થાન કહેછે.

એજન્સિ—ઘણાં સંસ્થાનોનો સમુદાય જે પોલિટિકલ એજન્ટના તાબામાં હોયછે તેને એજન્સિ કહેછે.

જળાશયપ્રદેશ—જેમાં ઊંચી જગાએથી ચોતરફ પાણી વહેછે તેને જળાશયપ્રદેશ કહેછે.

પાણીના વિભાગની વ્યાખ્યાઓ.

મહાસાગર—પૃથ્વીના ખારાપાણીના પાંચ ભાગ કલ્પ્યા છે તે દરેક ભાગને મહાસાગર કહેછે.

સમુદ્ર—મહાસાગર કરતાં પાણીના નાના ભાગને સાગર કે સમુદ્ર કહેછે.

ખાડી—સમુદ્રનો જે સાંકડો ભાગ જમીનમાં નીકળી આવ્યો હોય તેને નાળ કે ખાડી કહેછે.

અખાત—સમુદ્રનો જે ફાંટો જમીનપર લાંબો જઇ જમીનથી ઘણો ઘેરાયો હોય તેને અખાત કહેછે.

ઉપસાગર—અખાતનું મુખ પહોળું હોય તો તેને ઉપસાગર કહેછે.

સામુદ્રધુની—પાણીના બે મોટા ભાગ પાણીના જે સાંકડા ભાગથી સંધાયછે તેને સામુદ્રધુની કે સંયોગી જળ કહેછે.

સરોવર—ઘણું કરીને મીઠા પાણીનો મોટો ભાગ જે ચોતરફ જમીનથી ઘેરાયલો હોય તેને સરોવર કહેછે.

તળાવ—સરોવર કરતાં પાણીના નાના ભાગને તળાવ કહેછે.

નદી—પર્વતમાંથી કે સરોવરમાંથી મીઠા પાણીનો જે પ્રવાહ વહી ઢળતી જમીનપર થઇ, સમુદ્ર અથવા

સરોવરને મળે કે રણમાં સમાય તેને નદી કહેછે. ઘણી મોટી નદીને નદ પણ કહેછે.

ઝરો કે ઝાંઝરી—ડુંગરમાંથી મીઠા પાણીનો નાનો ધોધ પડી તેનો પ્રવાહ થોડે દૂર જઈ જ્યારે તે બીજી નદીને મળે ત્યારે તેને ઝરો, ઝાંઝરી કે નાળુ એટલે નાની નદી કહેછે.

નદીની શાખા—મોટી નદીમાંથી ફાંટો નીકળી નાની નદીની પેઠે વહેછે તેને નદીની શાખા કહેછે.

સંગમ—જે સ્થળે બે નદીઓ ભેગી મળેછે તેને સંયોગ કે સંગમ કહેછે.

દોઆબ—બે નદી વચ્ચેના ભાગને દોઆબ કહેછે.

મુંબઈ ઇલાકાનું વર્ણન.

સીમા—મુંબઇ ઇલાકાની ઉત્તરે બલુચીસ્તાન અને પંજાબ; પશ્ચિમે અરબીસમુદ્ર, દક્ષિણે મહીસુરનું રાજ્ય અને મદ્રાસ ઇલાકો; પૂર્વે રજપુતસંસ્થાન, માળવા, મધ્ય પ્રાંત, નિઝામનું રાજ્ય અને મદ્રાસ ઈલાકો છે.

વિસ્તાર—મુંબઇ ઇલાકાની ઉત્તર દક્ષિણ લંબાઇ ૯૮૦ મૈલ અને પૂર્વ પશ્ચિમ પહોળાઇ ૬૭૦ મૈલ છે. ક્ષેત્રફળ ૧,૯૭,૮૭૫ ચોરસ મૈલ છે.

વસ્તી—મુંબઇ ઈલાકાની વસ્તી ૨,૩૩,૯૫,૬૬૩ માણસની છે. તેમાં દેશી રાજ્યની વસ્તી ૬૯,૪૧,૨૪૯ માણસની છે. અને બાકીની વસ્તી ૧,૬૪,૫૪,૪૧૪ અંગરેજી મૂલકની છે.

સમુદ્ર—અરબીસમુદ્ર એ મુંબઇની ચોફેર છે.

અખાત—મુંબઇમાં માહિમનો; કચ્છમાં કચ્છનો; અને ગૂજરાતમાં ખંભાતનો અખાત છે.

ઉપસાગર—મુંબઈમાં એક બે નામે છે.

સરોવર—મુંબઇ પાસે વીઆર તુલસી અને તાનસાનાં છે; મંચર ને સુમરી એ સિંધમાં છે; પ્રાગસર એ કચ્છમાં છે માનસરોવર એ વીરમગામમાં છે.

તળાવ—મુંબઇમાં મુંબાદેવી, ગોવાળીઆ અને બાબુલા છે; અમદાવાદમાં કાંકરીયું છે; વીરમગામમાં ગંગાસર છે; અને ડાકોરમા ગોમતી નામે તળાવ છે.

બેટ—મુંબઇ અને વસઇ, સાષ્ટી તથા ધારાપુરી એ મુંબઇની આસપાસ છે. બેટસંખોદ્ધાર ને દીવ એ કાઠીઆવાડમાં છે.

દ્વીપકલ્પ—મુંબઈમાં કોલાબા છે, ગૂજરાતમાં કાઠીઆવાડ છે; ને કચ્છમાં બન્ની. વાગડ ને પાંથળ છે.

ભૂશિર—મુંબઇમાં કોલાબા, વાલકેશ્વર ને સીવરીની છે; સિંધમાં કરાંચી પાસે રામમુરારીની છે. ગૂજરાતમાં દ્વારકાં પાસે જગતપોંઇંટની છે. અને દીવ એ ગોવાની દક્ષિણમાં છે.

બંદર—મુંબઇ, કરાંચી, માંડવી, સુરત, ભરૂચ, ભાવનગર, ધોળેરા, દ્વારકાં, જાફરાબાદ, પોરબંદર, ખભાત ને કારવાડ છે.

રણ—સિંધમાં થરપારકર ને કચ્છમાં કચ્છનું રણ છે.

પર્વત—સહ્યાદ્રિ કે પશ્ચિમઘાટ, સાતપુડા; પાવાગઢ, પારનેરા, શીરોઈ, રાજપીપળા, આરાસુર, આબુ, ગીરનાર ને શેત્રુંજો છે.

નદીઓ—સિંધુ, નર્મદા, તાપી, કૃષ્ણા, સાબરમતી.

મુખ્યશાહેરો—મુંબઈ. સિંધમાં કરાંચી, હૈદરાબાદ, શિકારપુર ને સક્કર છે. કચ્છમાં માંડવી ને ભુજ છે. ગૂજરાતમાં અમદાવાદ, સુરત, ભરૂચ, ભાવનગર, ખંભાત, ને વડોદરા છે. કોકણમાં થાણા, રત્નાગીરી અને અલીબાગ છે. દક્ષિણમાં પુના, અહમદનગર, ધુળીઆ, નાશક, સતારા ને સોલાપુર છે. દક્ષિણમહારાષ્ટ્રમાં વિજાપુર, બેલગામ, ધારવાડ અને કારવાડ છે.

છાવણીઓ—મુંબઇ; સિંધમાં કરાંચા ને જેકબાબાદની છે; કચ્છમાં ભુજની છે; ગૂજરાતમાં રાજકોટ, અમદાવાદ, ડીસા ને વડોદરાની છે. દક્ષિણમાં પુના, અહમદનગર ને બેલગામની છે.

પરદેશી સંસ્થાનો—દીવ, દમણ ને ગોવા એ ફીરંગીનાં સ્વતંત્ર સંસ્થાનો છે. જાફરાબાદ ને જંજીરા એ હબસીનાં સંસ્થાનો છે. એને ખંડણી આપવી પડતી નથી.

ગુફાઓ—મુંબઇ પાસે ધારાપુરી અને અનેરીકનેરીની; ખંડાળા પાસે કારલીની; નાશક પાસે પાંડુ ગુફા છે.

હવાખાવાની જગાઓ—મુંબઇમાં મહાલક્ષ્મી ને વાલકેશ્વર; મુંબઇ પાસે માથેરાન; સહ્યાદ્રિ પર્વતમાં મહાબળેશ્વર, ખંડાળા ને નીલગીરી; ગૂજરાતની ઉત્તરમાં આબુ, સુરત પાસે ડુમસ અને વલસાડ પાસે તીથલ છે.

ધર્મસ્થળો—હિંગળાજ; પંઢરપુર (વિઠ્ઠલનાથજી) કોટેશ્વર, નાશક, ત્રંબક, ગોદાવરી, દ્વારકાં, પ્રભાસપાટણ

(સોમનાથ), સિદ્ધપુર, સરસ્વતી, રેવાજી, તાપી, શુકલતીર્થ, ચૌઠા, ભીમનાથ, ડાકોર, અંબાજી, બહુચરાજી, સામળાજી, ઉત્કંઠનેકેદાર, (કપડવણજ પાસે), પાવાગઢ, વડતાલ, ગીરનાર, આબુ ને પાલીતાણા એ હિંદુઓનાં તેમાં પણ છેલ્લાં ત્રણ શ્રાવકોનાં છે. ઉદવાડા એ પારસીઓનું છે.

મુંબઇ ઇલાકાના વિભાગ.

મુંબઇ ઇલાકાના મુખ્ય પાંચ ભાગ કર્યાછે. (૧) સિંધ. (૨) કચ્છ. (૩) ગૂજરાત. (૪) મહારાષ્ટ્ર, એમાં કોકણ ને દક્ષિણ એવા બે છે. (૫) દક્ષિણમહારાષ્ટ્ર અને ઉત્તરકાનડા. એ પ્રત્યેક ભાગને પ્રાંત કહેછે. સઘળા પ્રાંતોના મળીને ૧૮ જીલ્લા છે. તેના વળી ત્રણ વિભાગ કર્યાછેઃ—ઉત્તર, મધ્ય ને દક્ષિણ. ૧ ઉત્તર વિભાગમાંઃ—અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ, સુરત અને થાણા એ જીલ્લા છે. ૨ મધ્ય વિભાગમાંઃ—નાશક, ખાનદેશ, અહમદનગર, પુના, સોલાપુર, અને સતારા એ જીલ્લા છે. ૩ દક્ષિણ વિભાગમાંઃ—કોલાબા, રત્નાગીરી, વિજાપુર, બેલગામ, ધારવાડ અને ઉત્તરકાનડા એ જીલ્લા છે.

પાંચે પ્રાંતના પ્રાંતવાર જીલ્લા, પોલિટિકલ એજન્સિ તથા સંસ્થાનો અને તે પ્રત્યેકનું પ્રાંતવાર વર્ણનઃ—

(૧) સિંધ પ્રાંત.

૧ ઉત્તર સરહદનો મૂલક. ૪ કરાંચી જીલ્લો. ,,

૨ શિકારપુર જીલ્લો.
૩ હૈદરાબાદ જીલ્લો.
૫ થરપારકર.
૬ ખૈરપુર સંસ્થાન.

(૨) કચ્છ પ્રાંત—કચ્છ.

(૩) ગૂજરાત પ્રાંત.

૧ અમદાવાદ જીલ્લો.
૨ ખેડા જીલ્લો.
૩ પંચમહાલ જીલ્લો.
૪ ભરૂચ જીલ્લો.
૫ સુરત જીલ્લો.
૬ કાઠીઆવાડ એજન્સિ.
૭ પાલણપુર એજન્સિ.
૮ મહીકાંઠા એજન્સિ.
૯ રેવાકાંઠા એજન્સિ.
૧૦ પંચમહાલ એજન્સિ.
૧૧ સુરત એજન્સિ.
૧૨ ગાયકવાડનું સંસ્થાન.
૧૩ ખંભાતનું સંસ્થાન.

(૪) ઉત્તર મહારાષ્ટ્ર.

(ક) કોંકણ—મુંબઈ.

૧ થાણાજીલ્લો.
૨ કોલાબાજીલ્લો.
૩ રત્નાગીરીજીલ્લો.
૪ જવાર સંસ્થાન.
૫ જંજીરા સંસ્થાન.
૬ સાવંતવાડી.

(ખ) દક્ષિણ.

૧ ખાનદેશ જીલ્લો.
૨ નાશક જીલ્લો.
૩ અહમદનગર જીલ્લો.
૪ પુના જીલ્લો.
૫ સતારા જીલ્લો.
૬ સોલાપુર જીલ્લો.
૭ ખાનદેશ એજન્સિ.
૮ સતારા એજન્સિ.
૯ ભોર સંસ્થાન.
૧૦ અક્કલકોટ સંસ્થાન.

(૫) દક્ષિણ મહારાષ્ટ્ર દેશ અને ઉત્તર કાનડા.

૧ વીજાપુરકેકલાદગીજીલ્લો.	૫ જત સંસ્થાન.
૨ બેલગામ જીલ્લો.	૬ કોલાપુર સંસ્થાન.
૩ ધારવાડ જીલ્લો.	૭ સાવનુરજાગીર.
૪ ઉત્તર કાનડા જીલ્લો.	૮ દક્ષિણ મરાઠા જાગીર.

---

(૧) સિંધ પ્રાંત.

આ પ્રાંત ત્યાંના રાજ્ય ચલાવનાર અમીરો પાસેથી અંગરેજ સરદાર સર ચાર્લ્સ નેપીઅરે સન ૧૮૪૨-૪૩માં જીતી લીધો હતો. એ દેશની ઉત્તરમાં બલુચીસ્તાન ને પંજાબ; પશ્ચિમમાં હાલા ને સુલેમાનીના પહાડ દક્ષિણમાં કચ્છનું રણ ને અરબીસમુદ્ર; પૂર્વમાં જેસલમીરનું રણ અને રજપુતસંસ્થાનનાં દેશી રાજ્ય છે. ક્ષેત્રફળ ૫૪,૧૨૩ ચોરસમૈલ છે ને વસ્તી ૨૫.૪૨.૯૭૬ માણસની છે, એનું જીલ્લાવાર વર્ણન નીચે પ્રમાણે છે:-

૧ **ઉત્તર સરહદનો મૂલક**-આ મૂલક સિંધુ નદીની પશ્ચિમે છે. **મુખ્ય શાહેર**-જેકબાબાદ તેમાં લશ્કરી છાવણી છે. એમાં ૩ તાલુકાછે.

૨ **શિકારપુર જીલ્લો**-એ ઉત્તર સરહદના મૂલકની દક્ષિણમાં છે. **મુખ્ય શાહેરો**-શિકારપુર એ સિંધુ નદી પર છે. સક્કર એ દરીઆ કિનારા પર મોટું શાહેર છે. એનો કિલ્લો તથા પુલ જોવા લાયક છે. બીજાં શેહેરો:—બક્કર, મહેર ને લારખાના

છે. **નદી**–સિંધુ છે. **નહેરો**–બેગાડી, સિંધ, ધાડ ને સક્કર છે. એમાં ૧૭ તાલુકા છેઃ–શિકારપુર, સક્કર, નોશારો, અબરો, લારખાના, લખદરીઆ, રતોદેરો, કંબરકંડી, સુજાવલ, રોરી, ઘોટકી, મીરપુરમહારી, ઢબાવડો, મેર, ડગર, કકર ને બાગબહાન.

૩ **હૈદરાબાદ જીલ્લો**–એ સિંધુ નદીની પૂર્વમાં છે. **મુખ્ય શહેર**–હૈદરાબાદ એ સિંધુ નદીના કાંઠા પર છે. એમાં મીરોના કુબા તથા કિલ્લો જોવા જોગ છે. બીજાં શહેરોઃ–હાલા, નોશારોફેરોઝ ને શહેદાદપુર વગેરે છે. **નદી**–સિંધુ છે. **નહેરો**–ઘેરો ને સાગર વગેરે છે. એમાં ૧૩ તાલુકા છેઃ–હૈદરાબાદ, ગુની, બદીણા, ટંડોબાગેનો, કેડગરી, હાલા, શહેદાદપુર, મીરપુરખાશ, ટંડોઅલાયરનો, નોશારોફેરોઝ, કંડીઆરો, મોરો ને સકરંદ.

૪ **કરાંચી જીલ્લો**–એ શિકારપુર જીલ્લાની દક્ષિણમાં છે. **મુખ્ય શહેર**–કરાંચી એ સિંધુ નદીપર છે. એમાં ફ્રીઅરહાલ જોવા લાયક છે. બીજાં શહેરોઃ–ડઠ્ઠા, માઝીંદા, સેવાન, ઝરક ને શાહબંદર વગેરે છે. **સરોવર**–મંચર ને હાલેજીનાં છે. **નદીઓ**–સિંધુ, મલીર ને બારા છે. **નહેર**–કલ્લરીની છે. કરાંચીથી ૯ મૈલ પર મગરપીરની જગામાં ઉના પાણીના કુંડ છે. એમાં ૧૩ તાલુકા

છેઃ—કરાંચી, સેવાન, દાદુ, માઝીંદા, કોટ્રી, નગરઠઠ્ઠા, ઘોડાંબારી, સાકરો, ઝરક, મીરપુર, બહોરો, બેલો, જાતી, ને શાહબંદર.

૫ **થરપારકર**—(પૂર્વ સરહદ)—એ હૈદરાબાદ જીલ્લાની પૂર્વમાં છે. **મુખ્ય શહેરો**—ઉમરકોટ એમાં અકબર બાદશાહ જન્મ્યો હતો. બીજું શહેર નગર પારકર છે. થરપારકરના ત્રણ ભાગ છેઃ—૧ પશ્ચિમે રેતીનું મેદાન છે. તેમાં કેટલીક નહેરો છે. ૨ મધ્યમાં રણનો વિસ્તિર્ણ પ્રદેશ છે. તેમાં રેતીના ટેકરા છે. ૩ અગ્નિ ખુણામાં નગરપારકર એ રણમાં બેટ જેવો છે. **સરોવર**—સુમરી એ ઉમરકોટની પશ્ચિમે છે. **નહેરો**—ભાનુ ને થર છે.

૬ **ખૈરપુર સંસ્થાન**—એ થરપારકરની ઉત્તરમાં છે. એ દેશી રાજ્ય મીરઅલ્લી મુરાદના તાબામાં છે. **મુખ્ય શહેર**—ખૈરપુર છે. **નહેર**—મીર નામે છે.

---

(૨) કચ્છ પ્રાંત.

આ પ્રાંતની ઉત્તર અને પૂર્વમાં રણ; દક્ષિણે કચ્છનો અખાત ને પશ્ચિમમાં અરબીસમુદ્ર છે. એની લંબાઇ ૧૭૦ મૈલ ને પહોળાઇ ૫૦ મૈલ છે. ક્ષેત્રફળ ૬,૫૦૦ ચોરસ મૈલ છે. વસ્તી ૫,૧૨,૦૮૪ માણસની છે. આ દેશમાં જાડેજા નામે રજપુત રાજા રાજ્ય કરે છે. એમાં ૮ તાલુકા છે તેનું વર્ણન નીચે પ્રમાણે છે;—

૧ **રાપર તાલુકો**—એ કચ્છ પ્રાંતની પૂર્વે અને ઇશા-

નમાં છે. એની નૈરૂત્યમાં ભચાઉતાલુકો ને બીજી દિશાઓમાં કચ્છનું રણ છે. એમાં ૯૦ ગામ ને ખડીરનું થાણું છે. **મુખ્યગામ**–રાપર, પલાંસવા, ફતેગઢ, ભીમાસર, ચિત્રોડ, સણુવા, લોદ્રાણી ને રામવાવ છે. **નદીઓ**–ધારો ને માલણુ છે.

૨ **ભચાઉતાલુકો**–એ રાપરતાલુકાની પશ્ચિમમાં છે. એમાં ૫૫ ગામ છે. **મુખ્ય ગામ**—ભચાઉ, ચોબારી, લાકડીઉં, આધોઇ, વાંઢીઉં ને સીકરા છે. **નદીઓ**–સારણુ તથા ખારી છે.

૩ **અંજારતાલુકો**–એ ભચાઉતાલુકાની પશ્ચિમમાં છે. એમાં ૭૪ ગામ છે. **મુખ્ય ગામ**–અંજાર, તુણાબંદર, દુધઇ, ખેડોઇ, વરસામેડી, ખારીરોહર ને ભુવડ છે. **નદીઓ**–સારણુ તથા ખોચી છે.

૪ **ભુજતાલુકો**–એ અંજારતાલુકાની પશ્ચિમમાં છે. એમાં ૧૩૮ ગામ તથા ખાવડાનું થાણું છે. **મુખ્ય ગામ**–ભુજ એ આખા કચ્છ દેશની રાજધાનીનું મુખ્ય શહેર રાવ શ્રી ખેંગારજીએ સંવત ૧૬૦૫માં બંધાવ્યું છે. બીજાં ગામઃ–માનકુવો, માધાપર, પદ્ધર, ભારાપર, ખાવડો, લોડાઇ ને કેરા છે. **નદીઓ**–ખારી, મીઠાવો ને ઝુરા છે.

૫ **મુંદ્રાતાલુકો**–એ ભુજતાલુકાની દક્ષિણમાં છે. એમાં ૬૨ ગામ છે. **મુખ્ય ગામ**–મુંદ્રા, ભદ્રેશ્વર, ભુજપર, ગુંદાળા, દેસલપર, બેરાજા ને વડાળા છે. **નદીઓ**–નાગમતી, ખોચી ને સાકરી છે.

૬ **માંડવીતાલુકો**–એ મુંદ્રાતાલુકાની પશ્ચિમમાં છે. એમાં ૯૦ ગામ છે. **મુખ્ય ગામ**–માંડવી એ કચ્છ પ્રાંતનું મોટું બંદર ઠા. ટોપણે સંવત ૧૬૩૫માં વસાવ્યું છે. બીજાં ગામઃ–ગોધરા, બાડા, કોટડી, લાયજા, ફરાદી, નાગરેચા, આસંબીઆ, ને મઉ છે. એ મઉમાં સાત કૂવા છે તેનું પાણી નદીના પ્રવાહની પેઠે વહી ધાન્ય તથા ફળફળાદિના પાકમાં બહુ ઉપયોગી થઇ પડેછે. **નદીઓ**–રૂકમાવતી, ખારી ને વીંગડી છે.

૭ **અબડાસાતાલુકો**–એ માંડવીતાલુકાની પશ્ચિમમાં છે. એમાં ૧૩૯ ગામ તથા નખત્રાણાનું થાણું છે. **મુખ્ય ગામ**–જખૌ એ સારૂં બંદર છે. બીજાં ગામઃ–કોઠારા, નળિયા, તેરા, સુથરી વિંઝાણ, સાંધણ, ડુમરા ને બિટ્ટા છે. **નદીઓ**–કનકાવતી, રાણીઆરો ને રાખડી છે.

૮ **લખપત**–એ થાણું અબડાસા તાલુકાની પશ્ચિમમાં છે. એમાં ૯૭ ગામ છે. **મુખ્ય ગામ**–લખપત, માતાનોમઢ, નારણસર ને કોટેશ્વર છે. **નદીઓ**–ફલીવાળી ને કાળી છે.

——:o:——

(૩) ગૂજરાત પ્રાંત.

આ પ્રાંતનો મોટો ભાગ ગાયકવાડ સરકારે અંગરેજ સરકાર સાથે થયેલી સલાહના કોલકરાર પ્રમાણે અંગરેજ સરકારને આપ્યોછે. એનાં ઉત્તરમાં કચ્છનું

રણ ને શીરોહ; પશ્ચિમમાં કચ્છનો અખાત, રણ ને અરબીસમુદ્ર; દક્ષિણમાં થાણાજીલ્લો ને અરબીસમુદ્ર; પૂર્વમાં માળવા, ખાનદેશ ને સાતપુડો પર્વત છે. આ પ્રાંતના ૧૩ ભાગ કર્યાછે. તેમાંના ૫ જીલ્લાનો મૂલક અંગરેજ સરકારનો ખાલસા છે. બાકીનો ૮ ભાગ એજન્સિ તથા સંસ્થાનોનો મૂલક દેશી રાજાઓનો છે. તેનું વર્ણન નીચે પ્રમાણે છે:-

૧ **અમદાવાદ જીલ્લો**—એ જીલ્લો ગૂજરાત પ્રાંતની છેક ઉત્તરમાં છે. **મુખ્ય શાહેર**-અમદાવાદ એ સાબરમતી નદીપર ગૂજરાતની રાજધાનીનું શહેર સુલતાન મહમદે સન ૧૪૧૧માં બંધાવ્યુંછે. બીજાં શહેરો:-વીરમગામ, ધોળકા ને ધોળેરા છે. **નદીઓ**-સાબરમતી, હાથમતી ને વાત્રક છે. એમાં ૭ તાલુકા છે:-પ્રાંતીજ, વીરમગામ, ધોળકા, દસક્રોઇ, ધંધુકા, ઘોઘા ને સાણંદ.

૨ **ખેડા જીલ્લો**—એ અમદાવાદ જીલ્લાની દક્ષિણમાં છે. **મુખ્ય શાહેર**-ખેડા એ વાત્રક ને શેઢી નદીના સંગમપર છે. બીજાં શહેર:-નડીઆદ, કપડવણજ, ઉમરેઠ ને બોરસદ છે. **નદીઓ**-મહી, વાત્રક, શેઢી, મોહોર ને મેશ્વો છે. એમાં ૭ તાલુકા છે:-કપડવણજ, ઠાસરા, નડીઆદ, મેહમદાવાદ, માતર, આણંદ ને બોરસદ.

૩ **પંચમહાલ જીલ્લો**—એ મહી નદીની પૂર્વમાં છે. **મુખ્ય શાહેર**-ગોધરા, દાહોદ ને ઝાલોદ છે. **નદી**-મહીછે.

એમાં ૩ તાલુકા છેઃ–ગોધરા, કાલોલ ને દાહોદ.

૪ **ભરૂચ જીલ્લો**–એ મહી નદીની દક્ષિણે તથા કીમનદીની ઉત્તરે છે. એના પૂર્વ ભાગને કાનમ ને પશ્ચિમ ભાગને બારાં કહેછે. **મુખ્ય શાહેર**–ભરૂચ એ નર્મદા નદીના કાંઠા પર છે. બીજાં શેહેરોઃ–જંબુસર તથા અંકલેશ્વર છે. **નદીઓ**–નર્મદા, મહી ને કીમ છે. એમાં ૫ તાલુકા છેઃ–ભરૂચ, અંકલેશ્વર, વાગ્રા, આમોદ ને જંબુસર.

૫ **સુરત જીલ્લો**–એ ગૂજરાત પ્રાંતની છેક દક્ષિણમાં છે. એની દક્ષિણે દમણગંગા નદી છે તે એને તથા થાણા જીલ્લાને જુદો પાડેછે. **મુખ્ય શાહેર**–સુરત એ તાપીનદી પર છે. બીજાં શાહેરોઃ–વલસાડ, રાંદેર ને કતારગામ છે. **પર્વત**–પારનેરાનો છે. **નદીઓ**–તાપી, કીમ, પૂર્ણા ને અંબીકા છે. એમાં ૮ તાલુકા છેઃ–પારડી, વલસાડ, ચીખલી, જલાલપુર, બારડોલી, માંડવી, ચોર્યાશી, ઓરપાડ

૬ **કાઠીઆવાડ એજન્સિ**—કાઠીઆવાડ એ ગૂજરાતની પશ્ચિમમાં એક દ્વિપકલ્પ છે. **મુખ્ય શાહેર**–રાજકોટ એ આજી નદીપર છે. બીજાં શેહેરોઃ–જુનાગઢ, ભાવનગર, નવાનગર, ધ્રાંગધ્રા, વાંકાનેર, સોનગઢ ને પાલીતાણા છે. એમાં પ્રાંત ૪ છેઃ–ઝાલાવાડ, ગોહીલવાડ, સોરઠ ને હાલાર એ અનુક્રમે ઉત્તર, પૂર્વ, પશ્ચિમ ને દક્ષિણે છે. તેનાં અનુક્રમે ધ્રાંગધ્રા, ભાવનગર, જુનાગઢ ને નવાન-

ગર એ મુખ્ય શહેર તથા પહેલા વર્ગનાં દેશી રાજ્ય છે. **પર્વત**–ગીરનાર, ચોટીલાને શેત્રુંજાનો છે. **નદીઓ**–ભાદર, શેત્રુંજી ને મચ્છુ છે.

૭ **પાલણપુર એજન્સિ**–એ ગૂજરાતની ઉત્તરે ને કચ્છના રણની પૂર્વમાં છે. **મુખ્ય શહેર**–પાલણપુર ને ડીસા એ બનાસ નદી પર છે. **સંસ્થાનો**–પાલણપુર, રાધણપુર, વારાહ, તેરવાડા, થરાદ અને મોરવાડા, વાવ, સુઇગામ, દેવદર, ચારચટ તથા સાંતલપુર, ભાભર, કાંકજ એ ૧૧ સંસ્થાનો તેમ જ તે તેનાં મુખ્ય શહેરો છે. એમાં પાલણપુર ને કાંકજ એ ગાયકવાડને ખંડણી આપેછે.

૮ **મહીકાંઠા એજન્સિ**–એ ગૂજરાતના ઈશાન ભાગમાં છે. **મુખ્ય શહેર**–સાદરા એ સાબરમતી નદીપર છે. બીજાં શહેરોઃ–ઇડર, અહમદનગર, પેથાપુર, વાસણા, બાયડ, ચોયલા ને ગાબટ છે. **પરગણાં**–નાનીમારવાડ, રેવર, સાબરકાંઠો, વાત્રક કાંઠો, બાવીસી ને કટોસણ એ ૭ છે. **સંસ્થાનો**–ઇડર, દાંતા અને માલપુર, મોહનપુર, ભાલુસણા અને સતલાસણ, માણુસા, ઘોડાસર અને આમલીઆરા એ ૭ મુખ્ય સંસ્થાનો છે. **નદીઓ**–સાબરમતી, હાથમતી ને વાત્રક છે.

૯ **રેવાકાંઠા એજન્સિ**–એ ગૂજરાતની પૂર્વમાં છે **મુખ્ય શહેર**–નાંદોદ એ નર્મદા નદીપર છે. બીજાં શહેરોઃ–બારીઆ, લુણાવાડા ને વાડાસીનોર છે

સંસ્થાનો-રાજપીંપળા, છોટાઉદેપુર, દેવગડબા રીઆ, લુણાવાડા, સુંથ ને વાડાસીનોર એ ૭ છે. **પર્વત**-રાજપીંપળાનો છે. **નદીઓ**-મહી, નર્મદા, ઢાઢર ને વિશ્વામિત્રી છે.

૧૦ **પંચમહાલ એજન્સિ**--એ પંચમહાલના અગ્નિ ખુણામાં પાવાગઢ પાસેછે. **મુખ્ય શહેર**-નારૂકોટ છે.

૧૧ **સુરત એજન્સિ**-એ ગૂજરાતની દક્ષિણમાં છે. **સંસથાન**-વાંસદા, ધરમપુર ને સચીન એ ત્રણ સંસ્થાન તેમ જ તે તેનાં મુખ્ય શહેરો પણ છે.

૧૨ **ગાયકવાડનું સંસ્થાન**-મુંબઇ ઇલાકાનાં સઘળાં દેશી રાજ્યોમાં એ મોટું છે. એનો ઘણોખરો મૂલક બીજાં રાજ્ય સાથે સેળભેળ થયેલોછે. **મુખ્ય શહેર**-વડોદરા એ રાજધાનીનું જોવા લાયક શહેર વિશ્વામિત્રી પર છે. બીજાં શહેરોઃ-પાટણ, પેટલાદ, સિદ્ધપુર, વિશનગર, કડી, નવસારી, દ્વારકાં ને વજપુર છે. **ભાગ**--ઉત્તર, મધ્ય, પશ્ચિમ ને દક્ષિણ એવા ચાર ભાગ કર્યાછેઃ-ઉત્તર વિભાગમાં-પાટણ, સિદ્ધપુર, ખેરાળુ, વડનગર, વિશનગર, મેસાણા, વિજાપુર ને કડી વગેરે છે. મધ્ય વિભાગમાંઃ-વડોદરા, પાદરા, ડભોઇ, સીનોર, સોજીત્રા, પેટલાદ ને વસો વગેરે છે. પશ્ચિમ વિભાગમાંઃ-દ્વારકાં, અમરેલી, ધારીકોડીનાર ને દામનગર વગેરે છે. દક્ષિણ વિભાગમાંઃ-નવસારી, ગણદેવી, ને બળેશ્વર વગેરે છે. **નદીઓ**-વાત્રક,

વિશ્વામિત્રી, સરસ્વતી ને મહી છે.

૧૩ **ખંભાતનું સંસ્થાન**—એ અમદાવાદ જીલ્લાની પશ્ચિમે ને મહી નદીની ઉત્તરે છે. **મુખ્ય શહેર**—ખંભાત એ રાજધાનીનું શહેર મહીનદીના મુખ પર છે. એમાં નવાબનું રાજ્ય છે.

——:o:——

મુંબઈ બેટ.

મુંબઈબેટનો વહિવટ બહોળો હોવાથી એને જીલ્લામાં ગણ્યો છે. એની ઉત્તરે માટુંગા, માહીમ ને વાંદરા; પશ્ચિમે મહાલક્ષ્મી, વરલી ને માહીમ; દક્ષિણે કોલાબા; પૂર્વમાં મુંબઇનું બારૂં ને સીવરી છે. એનું સપાટ મેદાન ૧૧ મૈલ લાંબુ ને ૩ મૈલ પહોળુંછે. એમાં સુંમારે ૭૭૫૦૦૦ માણસની વસ્તી છે. તેમાં સર્વથી વધારે વસ્તી હિંદુઓની છે. તેથી ઉતરતી મુસલમાન, પારસી, ફીરંગી, યુરોપીઅન, યાહુદી, યુરેશીઅન, સીધી અને ચીના વગેરેની છે.

રાજધાની—મુંબઈ એ પશ્ચિમ હિંદુસ્તાન અને મુંબઇ ઇલાકાની રાજધાનીનું મુખ્ય શહેર છે. તે બેટ પોર્તુગીઝ રાજાની શાહાજાદી ઇનફંટા કાથેરાઇન સાથે ઇંગ્લંડના બીજા ચાર્લ્સ રાજાનાં સન ૧૬૬૧માં લગ્ન થવાથી ઈંગ્લંડને રીતમાં મળ્યોછે.

મુંબઇના વિભાગ—મુંબઇ શહેર ત્રણ ભાગમાં વહેંચાયું છે. કોટ, બહારકોટ, અને ભોંયખલાથી માહીમ. પણ હાલમાં તો બહારકોટના એક નાકાપર આવેલા ક્રાફર્ડ માર્કિટ નજીક જી. આઇ. પી. રેલવેના ગંજાવર બોરીબંદર સ્ટેશને તે બાજુથી કોટ અને બહારકોટને જોડી દીધાછે તેમ બીજી બાજુથી બહારકોટના બીજા નાકાપર આવેલા

ધોબીતળાવ નજીક એલફીન્સ્ટન હાઈ સ્કૂલ, કામા હાસપીટાલ, પોલીસકોર્ટ અને હાલમાં બંધાતા મ્યુનિસિપાલ હોલ વડે કોટ અને બહારકોટના ભાગ તો કેવળ જોડાઇ ગયાછે. તોપણ કોટ અને બહારકોટ એ નામ તો રહ્યાં જ છે.

મુંબઇ જોવાના ક્રમવાર રસ્તા–મુંબઇમાં હરવા ફરવાના તથા તેને જોવાના ક્રમવાર મુખ્ય માર્ગ કરીએ તો તે આ પ્રમાણેના ત્રણ થાયછેઃ–(૧) કોલાબાથી વાલકેશ્વર જવાના રસ્તાઃ–કોલાબા, એસ્પ્લેન્ડ, ધોબીતળાવ, ગીરગામ, ચોપાટી, મલબારહીલ, અને વાલકેશ્વર. (૨) વાલકેશ્વરથી પાલવે જવાના રસ્તાઃ–વાલકેશ્વર, મલબારહીલ, ખંભાલાહીલ, મહાલક્ષ્મી, તાડદેવ, કામાટીપુરા, ખેતવાડી, ભૂલેશ્વર, ક્રાફર્ડમાર્કિટ, બોરડીબંદર, કોટ અને પાલવાબંદર. (૩) પાલવા બંદરથી છેક માહીમ જવાના રસ્તાઃ–પાલવા, કોટ, મોદીખાના, બોરડીબંદર, ક્રાફર્ડમાર્કિટ, અલાઈબાગ, પાયધોણી, ભીંડીબજાર, સર જમશેદજીની હાસપીટાલ, ભોંયખલા, રાણીનો બાગ, ગ્યાસનું કારખાનું, ચીચપોગલી, પરેલ, માટુંગા દાદર અને માહિમ.

જોવા લાયક જગાઓ–ટાઉનહોલ, ટંકસાલ, મોટી પોષ્ટ આફીસ, અંગરેજબજાર, હાઈકોર્ટ, રાજાબાઈ ટાવર, ગવર્નરની આફીસ, યુનિવર્સિટિ, પ્રિન્સ આવ વેલ્સનું ઘોડેસ્વાર બાવલું, દીવાદાંડી, રાણીનું બાવલું, બોરડીબંદર સ્ટેશન, ક્રાફર્ડમાર્કિટ, ગોદી, કસ્ટમહાઉસ, કાપડમાર્કિટ, પાંજરાપોળ, રાણીનો બાગ, સરકારી મહેલ, ચીમનબાગ, મહાલક્ષ્મી, વાલકેશ્વર, દરીઆમહેલ, બાબુલનાથ ને ધારાપુરી.

હવા ખાવા લાયક જગાઓ–પાલવાબંદર, દરીઆ કિનારો, મેદાન, મહાલક્ષ્મી ને વાલકેશ્વર.

તળાવ તથા સરોવર–મુંબઇમાં નદી નથી પણ

મુંબાદેવી, ગોવાળીઆ ને બાણુલા વગેરે ઘણાં તળાવ છે. વળી શહેરના લોકોને લોખંડના નળ વાટે મીઠું પાણી પૂરું પાડવાને મ્યુનિસિપાલિટિએ મુંબઈથી થોડેક દૂર વીઆર અને તુલસી નામનાં બે સરોવર બાંધેલાં છે. વીઆરમાં તો ગોપુર નામની નદીને વાળી છે. ત્રીજું તાનસાનું ને ચોથું પવાઇનું સરોવર પણ હાલમાં તૈયાર થાયછે.

બગીચા–ભાંયખલે રાણીનો રમણીય બાગ આખા હિંદુસ્તાનમાં સહુથી મોટો છે. કોટમાં એલફીન્સ્ટન સરકલ નામનો તથા ચર્નીરોડ પાસે દરીઆ કિનારાપર મ્યુનિસિ-પાલિટીએ બંધાવેલા જાહેર બાગ છે. એ સિવાય મુંબઈના ત્રણે વિભાગમાં નાના બાગ અને શ્રીમંત લોકોની મનોરંજક વાડીઓ ઘણી છે.

ગુફાઓ–મુંબઇના બારા તરફ એલીફંટા અથવા ઘારાપુરી નામે રમણીય ટાપુ છે. વળી સાષ્ટીમાં વીઆર અને થાણાની વચ્ચે ઉંચી ટેકરીઓ પર અનેરી કનેરીની જોવાલા-યક પ્રાચીન ગુફાઓ છે. તેમાંનું કોતરકામ તો ઘણુંજ સરસછે.

આયાત–ઉનનું તથા સુતરાઉ વિલાયતી કાપડ, રેશમ, દવા, દારૂ, બીલોર, ધાતુ, કરીઆણું, ચા, ખાંડ, સર્વ તરેહના સાંચાઓ અને ભાતભાતનાં કાચ, પથ્થર, માટી તથા લાકડાનાં રમકડાં ઈત્યાદિ યુરોપ અને અમેરિકા વગેરે ઘણા દૂરના દેશાવરોથી આ શહેરમાં આવી આખા દેશમાં તેનો વેપાર ચાલેછે.

નીકાશ–આ શહેરમાંથી રૂ, અફીણ, ચામડાં, હા-ડકાં, અલશી, ઘઊં, બીઆં, મહુડાં, કાચું ઉન, અને મોતી વગેરે ઝવેરાત પણ ચીન તથા યુરોપાદિ દેશમાં જાયછે.

હુન્નર–મુંબઇ શહેરમાં ઘણો બહોળો વેપાર ચાલે છે. રૂ કાંતવાની અને કાપડ વણવાની મીલો વિલાયતની પેઠે

મુંબઈમાં પણ ઘણી છે. રંગવા, કોતરવા, ચીતરવા, છાપવા, સીવવા, ગુંથવા, અને ભરત ભરવા વગેરે તરેહવાર જાતના ઉદ્યોગો ચાલેછે. ધંધારોજગારને માટે તો મુંબઈ આખા હિંદુસ્તાનમાં પહેલા નંબરનું બંદર અને દુનિયામાં સર્વથી સરસ ગણાતાં શહેરોમાંનું એક શહેર તથા હાલની ખરી અલકાપુરી તે મુંબઈજ છે.

---

(૪) ઉત્તર મહારાષ્ટ્ર પ્રાંત.

એ પ્રાંતની વચમાં સહ્યાદ્રિ પર્વત આવ્યાથી કોકણ ને દક્ષિણ એવા બે ભાગ થયાછે. તેના પશ્ચિમ ભાગને કોકણપટ્ટી ને પૂર્વ ભાગને દક્ષિણ કહેછે.

(ક) કોકણ—એની હદ સુરતથી તે છેક ગોવા સુધીછે.

૧ **થાણા જીલ્લો**—એ સુરત જીલ્લાની ને દમણ પ્રાંતની દક્ષિણમાં છે. **મુખ્ય શહેરો**—થાણા, કલ્યાણી ને ભીમડી છે. એમાં ૧૦ તાલુકા છેઃ—ડાહાણું, માહીમ, વસઈ, સાષ્ટી, વાડા, ભીમડી, કલ્યાણી, શાહાપુર, મુરબાડ અને કર્જત.

૨ **કોલાબા જીલ્લો**—એ થાણા અને મુંબઇની દક્ષિણમાં છે. **મુખ્ય શહેરો**—અલીબાગ, પનવેલી, ઉરણ ને મહાડ છે. એમાં ૬ તાલુકા છેઃ—અલીબાગ, પનવેલ, પેણ, રોહા, માણગામ અને મહાડ.

૩ **રત્નાગીરી જીલ્લો**—એ કોલાબા જીલ્લા તથા જંજીરા સંસ્થાનની દક્ષિણમાં છે. **મુખ્ય શહેરો**—રત્નાગીરી, માલવણ, ચોંપલુણ ને રાજાપુર છે. એમાં ૯ તાલુકા છેઃ—દાપોલી, ખેડ, ચીપલુણ,

સંગમેશ્વર, રત્નાગીરી, રાજાપુર, દેવગડ, માલવણ અને વેંગુર્લા છે.

૪ **જવાર સંસ્થાન**–એ થાણા જીલ્લાની મધ્યમાં છે. **મુખ્ય શાહેર**–જવાર. એમાં ત્રણ મહાલ છે.

૫ **જંજીરા સંસ્થાન**–એ મુંબઇ અને રત્નાગીરીના મધ્ય ભાગમાં છે. **મુખ્ય શાહેરો**–જંજીરા ને જાફરાબાદ.

૬ **સાવંતવાડી**–એ સંસ્થાન કોકણની છેક દક્ષિણમાં છે. **મુખ્ય શાહેર**–સાવંતવાડી.

(ખ) દક્ષિણ.

૧ **ખાનદેશ જીલ્લો**–ઉત્તરે નર્મદા નદી; પશ્ચિમે સુરત એજન્સિ; દક્ષિણે સાતમાળાપર્વત અને પૂર્વે મધ્યપ્રાંતો ને વરાડ છે. **મુખ્ય શાહેર**–ધુળીઆ એ પાંજરા નદી પર છે. બીજાં શાહેરોઃ–ધરણગામ, નિઝામપુર, નંદુરબાર, જળગામ ને ભુસાવળ છે. **નદીઓ**–તાપી, ગીરણા ને પાંજરા છે. એમાં ૧૬ તાલુકા છેઃ–ધુળીઆ, અમળનેર, એરંડોલ, પાચોરા, ચાળીસગામ, પીંપળનેર, નંદુરબાર, વીરદેલ, તળોદા, શહાદા, શીરપુર, ચોપડા, સાવદા, ભુસાવળ, નસરાબાદ અને જામનેર.

૨ **નાશક જીલ્લો**–એ ખાનદેશ જીલ્લાની દક્ષિણમાં છે. **મુખ્ય શાહેર**–નાશક એ ગોદાવરીના કાંઠાપર છે. **બીજાં શાહેરો**–એવલા, માલેગામ, મનમાડ અને ત્રંબકેશ્વર છે. **નદીઓ**–તાપી ને ગોદાવરી છે.

એમાં ૧૨ તાલુકા છેઃ–બાગલાણ, કળવણ, ચાંદ-વડ, દીંડોરી, પેઠ, નાશક, ઇગતપુરી, સિન્નર, નીફાડ, એવલા, નાંદગામ અને માલેગામ છે.

૩ **અહંમદનગર જીલ્લો**–એ નાશક જીલ્લાની દક્ષિણમાં છે. **મુખ્ય શાહેર**–અહંમદનગર એ સીના નદીના કાંઠાપર છે. એ પહેલાં મુસલમાન રાજાની રાજધાની હતી. એમાં હાલ કિલ્લો તથા છાવણી છે. **બીજાં શાહેરો**–સંગમનેર, રાહુરી, નગર ને આકોલા છે. **નદીઓ**–ગોદાવરી ને ભીમા છે. એમાં ૧૧ તાલુકા છેઃ–આકોલા, સંગમનેર, કોપરગામ, રાહુરી, નેવાસ, શેવગામ, નગર, પારનેર, શ્રીગોદ, કર્જત ને જામખેડ.

૪ **પુના જીલ્લો**–એ અહંમદનગર જીલ્લાની પશ્ચિમે તથા દક્ષિણે છે. **મુખ્ય શાહેર**–પુના એ પેશવાની રાજધાનીનું શહેર મુળામુઠા નદીના સંગમપર છે. ત્યાં ગણેશખીંડમાં ગવર્નર સાહેબનો બંગલો છે માટે ચોમાસામાં તે ઘણું કરી ત્યાં રહે છે. બીજાં શહેરોઃ–ખડકી, જુન્નર, ઇંદાપુર, તળેગામ ને મંચર છે. **નદીઓ**–મૂળા, મુઠા ને નીરા છે એમાં ૮ તાલુકા છેઃ–હવેલી, પુરંદર, ભીમથડી, ઇંદાપુર, જુન્નર, ખેડ, માવળ ને શીરૂર.

૫ **સતારા જીલ્લો**–એ પુના જીલ્લાની દક્ષિણમાં છે. **મુખ્ય શાહેર**–સતારા એ કૃષ્ણા નદીપર મરાઠાની રાજધાની હતી. એમાં એક ડુંગરી કિલ્લો છે.

બીજાં શહેરો–વાઈ, કન્હાડ, તાસગામ, ઇસલામપુર, પાટણ, ખંડાલ્લા ને મહાબળેશ્વર છે. **નદીઓ**–નીરા, કૃષ્ણા ને વાર્ણા છે. એમાં ૧૧ તાલુકા છેઃ–જાવળી, કન્હાડ, કોરેગામ, ખટાવ, ખાનાપુર, માણ, પાટણ, સતારા, તાસગામ, વાઇ ને વાળવા.

૬ **સોલાપુર જીલ્લો**–એ અહમદનગર જીલ્લાની દક્ષિણે તથા પુના ને સતારા જીલ્લાની પૂર્વમાં છે. **મુખ્ય શહેરો**–સોલાપુર, બારશી, પંઢરપુર, ને વૈરાગ છે. એમાં ૭ તાલુકા છેઃ–કરમાળ, બારશી, માઢા, સોલાપુર, પંઢરપુર, સાંગોલા ને માળશીરસ.

૭ **ખાનદેશ એજન્સિ**–એ ખાનદેશ જીલ્લાની પશ્ચિમમાં છે. એના ૩ ભાગ છેઃ–ડાંગદેશ, સુરગણુ તાલુકા ને મેવાસીપ્રાંત.

૮ **સતારા એજન્સિ**–એમાં બે સંસ્થાન છે. ઔંધ અને ફલટણ. ઔંધ એ સતારા જીલ્લાની દક્ષિણમાં અને ફલટણ એ ઉત્તરમાં છે.

૯ **ભોર સંસ્થાન**–એ પુના જીલ્લાની નૈઋત્યમાં છે. મુખ્ય શહેર ભોર છે.

૧૦ **અક્કલકોટ સંસ્થાન**–એ સોલાપુરથી વીસ મૈલપર અગ્નિખુણામાં છે. એનું મુખ્ય શહેર અક્કલકોટ છે.

---

(૫) દક્ષિણ મહારાષ્ટ્રદેશ ને ઉત્તરકાનડા.

આ પ્રાંતની ઉત્તરે મહારાષ્ટ્ર; પશ્ચિમે અરબીસમુદ્ર, ગોવા ને કોકણ; દક્ષિણે મહીસુર ને મદ્રાસ; પૂર્વે નિઝામનું

રાજ્ય અને મદ્રાસ ઇલાકો છે. મહારાષ્ટ્ર અને દક્ષિણ મહારાષ્ટ્રદેશો સન ૧૮૧૮માં પેશ્વા સરકાર પાસેથી જીતી લીધા છે. પણ ઉત્તરકાનડા જે મદ્રાસ ઈલાકાનો ભાગ હતો તેને સન ૧૮૬૧માં સરકારે મુંબઇ ઇલાકાના આ પ્રાંતમાં મેળવ્યો છે.

૧ **વિજાપુર કે કલાદગી જીલ્લો**–એની પૂર્વમાં નિઝામનું રાજ્ય; દક્ષિણમાં ધારવાડજીલ્લો અને પશ્ચિમે રામદુર્ગ, જમખંડી ને જતસંસ્થાન છે. **મુખ્ય શાહેરો**–વિજાપુર, બાગલકોટ, ગુળેદગુડ ને ઇલકલ્લ છે. **નદીઓ**–કૃષ્ણા, ઘટપ્રભા ને મલપ્રભા છે. એમાં ૮ તાલુકા છેઃ–બાગલકોટ, બદામી, હુનગુંદ, મુદેબીહાલ, સિંદગી, બાગેવાડી, વિજાપુર ને ઇંડી.

૨ **બેલગામ જીલ્લો**–એ વિજાપુર જીલ્લાની પશ્ચિમમાં છે. **મુખ્ય શાહેરો**–બેલગામ એમાં લશ્કરની છાવણી છે. અથણી, ગોકાક ને નીપાણી છે. **નદીઓ**–ઉત્તરમાં કૃષ્ણા, મધ્યમાં ઘટપ્રભા ને દક્ષિણમાં મલપ્રભા છે. એમાં ૭ તાલુકા છેઃ–બેલગામ, ચીક્કોડી, ગોકાક, અથણી, સંપગામ, ખીડી અને પરસગડ.

૩ **ધારવાડ જીલ્લો**–એ વિજાપુર અને બેલગામ જીલ્લાની દક્ષિણમાં છે. **મુખ્ય શાહેરો**–ધારવાડ, હુબળી, ગદગ, રાણીબેન્નુર, બંકાપુર ને હવેલી છે. **નદીઓ**–ઉત્તરમાં મલપ્રભા ને દક્ષિણમાં તુંગભદ્રા

છે. એમાં ૧૧ તાલુકા છેઃ—ધારવાડ, નવલગુંદ, રોણ, ગદગ, હુબળી, કલઘટકી, બંકાપુર, કરજગી, હાનગલ, રાણીબેન્નુર ને કોડ.

૪ **ઉત્તરકાનડા જીલ્લો**—એ બેલગામ જીલ્લાની દક્ષિણે અને ધારવાડ જીલ્લાની પશ્ચિમે છે. **મુખ્ય શહેરો**—કારવાડ, કુમઠા ને હોનાવર. એમાં કારવાડ એ પ્રખ્યાત બંદર છે. **પર્વત**—સહ્યાદ્રિ. **નદીઓ**—તુંગભદ્રા, વર્ધા ને શરાવતી છે. એમાં ૮ તાલુકા છેઃ—કારવાડ, અંકોલા, કુમઠા, હોનાવર, સિદાપુર, શિરસી, યેલ્લાપુર ને સુપા છે.

૫ **જતસંસ્થાન**—એ વિજાપુર જીલ્લાની પશ્ચિમમાં છે. એનું મુખ્ય શહેર જત છે.

૬ **કોલાપુર સંસ્થાન**—એ સતારા જીલ્લાની દક્ષિણમાં ને બેલગામ જીલ્લાની ઉત્તરમાં છે. **મુખ્ય શહેરો**—કોલાપુર તથા વીશાળગડ વગેરે છે. **નદી**—પંચગંગા છે. એમાં મુખ્ય સંસ્થાન વીશાળગડ, કાગલ, બાવડા અને ઇચલકરંજી છે.

૭ **સાવનુરજાગીર**—એ ધારવાડ જીલ્લાની પૂર્વમાં છે. એનું મુખ્ય શહેર સાવનુર છે.

૮ **દક્ષિણ મરાઠા જાગીર**—આ જાગીરો ૮ છેઃ—સાંગલી, જમખીંડી, (૨)મીરજ, (૨)કુરૂંદવાડ, મુધોળ ને રામદુર્ગ. વળી તે તેનાં મુખ્ય શહેરો પણ છે.

પાક સારૂ વખણાતાં શહેરો વગેરે—**રૂ** સારૂ ધોળેરા, ધારવાડ, બારશી, ભાવનગર, ભરૂચ ને વઢવાણ;

વરાગડા મીઠા સારૂ ખારાગોરા ને પાટડી; બળદ સારૂ વાગડ, કડી ને કચ્છ; ઘોડા સારૂ કચ્છ ને કાઠીઆવાડ; અફીણ સારૂ ખંભાત; ઇમારતીકાટ સારૂ પંચમહાલ, રેવા કાંઠા ને ડાંગનો મૂલક; હળદર સારૂ પાલી, રાજાપુર ને વિસનગર; ઉન, ચામડાં ને સીંગડાં સારૂ મીઆણી, પચ્છમ ને બન્નો પરગણાં; ફટકડી, સુરાખાર, ગંધક ને પાપડીઆખારા સારૂ કચ્છ; તંબાકુ સારૂ નડીઆદ ને ચરોતર; અને મધસારૂ મહાબળેશ્વર વખણાય છે.

હુન્નર માટે વખણાતાં શહેરો–ભરત સારૂ મુંબઇ, હૈદરાબાદ, ભુજ ને ખંભાત; ધાતુનાં વાસણ સારૂ વિસનગર, સિહોર, પુના ને નાશક; માટીનાં વાસણ ને પટોળાં સારૂ પાટણ; રેશમી કાપડ સારૂ અમદાવાદ; કાચ ને સાબુ સારૂ કપડવણજ; સેલાં સારૂ બુરાનપુર; પાઘડી સારૂ પેંઠ; હાથીદાંતનાં રમકડાં સારૂ શીકારપુર ને હૈદરાબાદ; મીનાકારીના કામ સારૂ હાલા ને નસરપુર વખણાય છે.

મુખ્યપેદાસ–સિંધમાં–ભાત, જુવાર, બાજરી, ઘઉં, મગ, રૂ ને તંબાકુની છે. કચ્છમાં–જુવાર, બાજરી, ઘઉં, મગ, રૂ, ઉનની છે. ગૂજરાતમાં–ડાંગર, જુવાર, બાજરી, ઘઉં, મકાઇ, બાવટો, કોદરા, કઠોળ, રૂ, શેરડી, ગોળ, મીઠા અને તંબાકુની છે. કોકણમાં–ભાત, નાગલી, કઠોળ, અડદ, તલ, નાળીએર, સોપારી, આદુ, શેરડી, કેળાં, ને મીઠાની છે. દક્ષિણમાં–ભાત, જુવાર, શેરડી, નાળીએર, સોપારી, એળચા, મરી અને મીઠાની છે.

હિંદુસ્તાન.

પૃથ્વીપરના ચારે ખંડોમાં સર્વથી જુનો ને મોટો એશીઆ ખંડ છે. એની દક્ષિણમાં ત્રણ મોટા દ્વીપકલ્પ છે તેમાં સર્વથી મોટો ને મહતાવાળો દ્વીપકલ્પ હિંદુસ્તાન દેશ છે, જેમાં આપણે વસીએછીએ. તેનું વર્ણન નીચે પ્રમાણે છે:–

સીમા—ઉત્તરમાં હિંદુકુશ, કારાકોરમ અને હિમાલય પર્વત છે. પશ્ચિમમાં હાલા તથા સુલેમાન પર્વત અને તેની પેલી તરફ બલુચિસ્તાન તથા અફગાનીસ્તાન દેશ છે. નૈઋત્યમાં અરબીસમુદ્ર અને દક્ષિણમાં હિંદી મહાસાગર છે. અગ્નિ ખુણામાં બંગાળાનો ઉપસાગર અને પૂર્વમાં આરાકાનના તથા બીજા ડુંગર ને તેની પેલી તરફ બ્રહ્મદેશ છે.

વિસ્તાર—હિંદુસ્તાનનું ક્ષેત્રફળ ૧૫,૮૨,૧૨૦ ચોરસ મૈલ છે. એની લંબાઈ ઉત્તરમાં કાશ્મીરથી તે દક્ષિણમાં કન્યાકુમારી ભૂશિર સુધી ૧૯૦૦ મૈલ છે. અને પહોળાઈ સિંધદેશથી તે આસામ સુધી ૧૮૦૦ મૈલ છે.

વસ્તી—હિંદુસ્તાનદેશની વસ્તી ૨૫,૫૦,૦૦,૦૦૦ માણસની છે. આખી પૃથ્વીમાં ચીન દેશ સિવાય બીજા કોઇપણ દેશની વસ્તી એના કરતાં વધારે નથી.

શાહેરો—કલકત્તા, મુંબઇ, મદ્રાસ, રંગુન, લખનોર, કાશી, દિલ્લિ, આગ્રા, હૈદરાબાદ, લાહોર, અલહા-

બાદ, પુના, ધુળીઆ, અહમદનગર, કોલાપુર, જયપુર, અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત, ભાવનગર, જુનાગઢ, રાજકોટ, નડીઆદ ને ખંભાત વગેરે છે.

બંદરો—કરાંચી, માંડવી, દીવ, સુરત, મુંબઇ, કારવાડ, માહી, કાલીકટ ને કોચીન વગેરે પશ્ચિમ કિનારાપર છે. કલકત્તા, કટક, જગન્નાથપુરી, વિશાગાપટ્ટણ, મચ્છલીપટ્ટણ, નીગાપટ્ટણ, મદ્રાસ, પાંડીચરી ને કારીકલ વગેરે પૂર્વ કિનારાપરનાં મુખ્ય બંદરો છે.

બેટ—મુંબઇ, વસઇ, સાષ્ટી, ઉરણ, રામેશ્વર, માલદ્વીપ, લક્ષદ્વીપ, નીકોબાર ને આંદામાન વગેરે છે.

દ્વીપકલ્પ—મુંબઇનું દક્ષિણ બિંદુ કોલાબા, કાઠીઆવાડ, દક્ષિણહિંદુસ્તાન અને હિંદુસ્તાન દેશ એ જ મોટા દ્વીપકલ્પ છે.

ભૂશિર—પાલમયરા, પોઇંટપેદરો, પોઇંટકાલીમેર, પોઇંટદીગાલ ને દક્ષિણમાં કન્યાકુમારી છે.

પર્વત—હિમાલય, શિવાલિક, વિંધ્યાદ્રિ, સાતપુડા, સહ્યાદ્રિ, હિંદુકુશ, હાલા, સુલેમાન, શેત્રુંજા ને આબુ છે.

રણ—જેસલમીર, મારવાડ, થરપારકર ને કચ્છનું છે.

સમુદ્ર—અરબીસમુદ્ર એ હિંદુસ્તાનની પશ્ચિમમાં છે.

અખાત તથા ઉપસાગર—પશ્ચિમે કચ્છનો તથા ખંભાતનો અને દક્ષિણે મનારનો અખાત; તથા પૂર્વમાં બંગાળાનો ઉપસાગર છે.

સામુદ્રધુની—દક્ષિણમાં મનારની તથા પાકની છે.

સરોવર—માન, સાંભર, ચીલકા, લુનાર ને મંચર એ ખારાં ને ઢેબર એ મીઠું સરોવર છે.

નદીઓ—બ્રહ્માપુત્રા ને સિંધુ એ બે નદ છે. તથા જમનાં, ગંગા, ગોમતી, ગોદાવરી, કૃષ્ણા મહી, નર્મદા, તાપી, સાબરમતી, સરસ્વતી વગેરે નદીઓ છે.

દોઆબ—જાલંધર, બારી, રેચના, જેચ (ચેજ) ને સિંધસાગર છે.

જળાશય—સિંધુ ને ગંગા એ બે જળાશય પ્રદેશ છે.

છાવણીઓ—લાહોર, ઇંદોર, દિલ્લી, માહુ, મીરત, ગ્વાલીઅર, કરાંચી, વડોદરા, રાજકોટ, ડીસા, ભુજ, પુના, બેલગામ કે નસીરાબાદ વગેરે છે.

હવા લાયક સ્થળો—સીમલા, દારજીલીંગ, માથેરાન, મહાબળેશ્વર, ખંડાલા, ઉતકમંડ, નીલગીરી ને આબુ.

જાત્રાનાં ઠેકાણાં—હિંદુનાં:-ઉત્તરમાં હરિદ્વાર, પશ્ચિમમાં દ્વારકાં, દક્ષિણમાં રામેશ્વર ને પૂર્વમાં જગનનાથ પુરી છે. એ સિવાય ડાકોર, સિદ્ધપુર, નાથદ્વાર, પુષ્કરજી, ગોકુળ, મથુરાં, પ્રયાગ, કાશી, ગયા, બદ્રીનાથ, પ્રભાસ પાટણ, ચાણોદકન્યાળી, પંઢરપુર, નાશક, ત્રંબક; પારસનાથ (બંગાળામાં), પાલીતાણા, ગીરનાર ને આબુ વગેરે છે. તેમાં પણ છેલ્લાં ચાર જૈનનાં છે. **મુસલમાનનું** અજમેરમાં ખાજાપીર; **પારસીઓનું** ઉદવાડા; **વહોરાઓનું** ગલીઆકોટ; **શીખલોકોનું** અમૃતસર છે.

ખંડણી આપનારાં દેશી રાજ્ય.

રજપુત રાજ્ય–ઉદેપુર, જોધપુર, જયપુર, બુંદી, કોટા, વિકાનેર, કિરોલી, કિશનગઢ, જશલમીર, અલવડ, શિરોહી, ડુંગરપુર, વાંસવાડા, પ્રતાપગઢ, ઝાલરાપટ્ટણ, કચ્છ, કાશ્મીર ને મહિસુર વગેરે છે.

મરાઠી રાજ્ય–ગાયકવાડ, સિંધીઆ, હોલકર, ત્રાવણકોર, કોલાપુર, સાવંતવાડી ને કોચીન છે.

મુસલમાની રાજ્ય–નિઝામ, બાવલપુર, ભોપાળ, ટોંક, ખૈરપુર, ખંભાત, પાલણપુર ને રાધણપુર છે.

શીખ રાજ્ય–પત્યાલા, ઝીંદ, નભા, કપરથલા, કલશીઆ ને ફરીદકોટ છે.

સ્વતંત્ર રાજ્ય.

દેશી–નેપાળ, ભુતાન ને મણિપુર છે.

પરદેશી–પોર્તુગીઝનાં:–દીવ, દમણ ને ગોવા છે.

„ **ફ્રેંચનાં**:–પાંડીચરી, યાનાન, કારીકલ, માહી ને ચંદ્રનગર.

હિંદુસ્તાનના સ્વાભાવિક વિભાગ.

મુખ્ય ભાગ–હિંદુસ્તાન દેશ ત્રિકોણાકાર છે. એ ત્રિકોણના બે ખુણા સુધી હિમાલય પર્વત પથરાયલો છે. ગુજરાતની પશ્ચિમથી તે ગંગા નદી પાસેના બુંદેલખંડ સુધી પ્રસરેલા વિંધ્યાચળ પર્વતથી એ ત્રિકોણના સ્વાભાવિક રીતે બે મોટા ભાગ થયાછે. એમાંના ઉત્તર તર

ફના ભાગને હિંદુસ્તાન કે ઉત્તર હિંદુસ્તાન અને દક્ષિણ તરફના ભાગને દક્ષિણ કે દક્ષિણ હિંદુસ્તાન કહેછેઃ–

ઉત્તર હિંદુસ્તાનના સ્વાભાવિક ૬ ભાગ નીચે પ્રમાણેછેઃ

૧ **હિમાલયની તળેટીનો ઢળતો પ્રદેશ**–એ હિમાલય તથા શિવાલિક પહાડની વચ્ચેછે. એમાં કાશ્મીર, નેપાળ ને ભુતાનનો મૂલક આવેલો છે.

૨ **સિંધુ નદીનો પ્રદેશ**–એમાં પંજાબનો કેટલોક ભાગ તથા સિંધ પ્રાંત આવેલો છે.

૩ **રેતીનું રણ**–એ પંજાબ તથા સિંધ પ્રાંતની પૂર્વમાં છે. એમાં જેસલમીર, મારવાડ, અને અરવલીની પશ્ચિમનાં રજપુત સંસ્થાનો છે.

૪ **મધ્ય હિંદુસ્તાનનો ને રજપુતાનાનો ઊંચો પ્રદેશ**–એ અરવલીની પૂર્વમાં ને વિંધ્યાદ્રિની પશ્ચિમે છે. એમાં ઉદેપુર, અજમેર, જેપુર, ભરતપુર, ભોપાળ, માળવા, બુંદેલખંડ, રેવા, ઇંદોર, ગ્વાલીઅર વગેરે દેશી રાજ્ય આવેલાં છે.

૫ **ગંગાનો પ્રદેશ**–એમાં વાયવ્યપ્રાંત, અયોધ્યા ને બંગાળા છે.

૬ **બ્રહ્મપુત્રાનોપ્રદેશ**–એમાં આસામનો મૂલક આવેલોછે.

દક્ષિણ હિંદુસ્તાનના સ્વાભાવિક ૪ ભાગ નીચે પ્રમાણે છેઃ–

૧ **નર્મદાનોપ્રદેશ**–એ વિંધ્યાદ્રિ અને સાતપુડાનીવચ્ચે છે.

૨ **શુદ્ધ દક્ષિણ**–એ સાતપુડાની દક્ષિણમાં અને પૂર્વ પશ્ચિમઘાટ તથા નીલગીરીની વચ્ચે છે.

૩ પશ્ચિમ કાંઠાનો નીચાણનો પ્રદેશ—એ સહ્યાદ્રિ પર્વતનો પશ્ચિમ ભાગ છે. એમાં મલબાર ને કોકણ પ્રાંત છે.

૪ પૂર્વ કાંઠાનો નીચાણનો પ્રદેશ—એ પૂર્વઘાટ ને સમુદ્રની વચ્ચે છે. એમાં ઉત્તરસરકાર અને કોરોમંડલ અથવા પૂર્વ કાંઠાનો દક્ષિણ પ્રદેશ છે.

હિંદુસ્તાનના રાજકીય વિભાગ.

હિંદુસ્તાન દેશના હાકેમને વૈસરાય કે ગવર્નર જનરલ કહેછે. તે હિંદુસ્તાનની રાજધાની કલકત્તા શહેરમાં રહેછે. પરંતુ તે કેટલોક વખત ઉનાળામાં સીમલા કે હિમાલયની પડોસમાં બીજે ઠેકાણે પણ રહેછે. આ ગવર્નર જનરલના તાબા તળેના હિંદુસ્તાન દેશના રાજકીય વિભાગપર જુદા જુદા અધિકારીઓની નિમણુંક કરેલી હોયછે. તેમાં મુખ્ય ગવર્નર, લેફ્ટેનન્ટ ગવર્નર, કમિશનર, રેસિડેન્ટ; પોલિટિકલ એજન્ટ અને કલેક્ટર વગેરે છે. હિંદુસ્તાનના રાજકીય વિભાગ, તેની રાજધાનીનું મુખ્ય શહેર અને તેમાં રહેતા મુખ્ય અધિકારી નીચે પ્રમાણે છેઃ—

ભાગ.	મુખ્યશહેર.	અધિકારી.
૧ મુંબઇ ઇલાકો	મુંબઇ	ગવર્નર
૨ મદ્રાસ ઇલાકો	મદ્રાસ	ગવર્નર
૩ મહિસુર ને કુર્ગપ્રાંત	બેંગલોર	કમિશ્નર
૪ હૈદરાબાદ તથા વરાડપ્રાંત	હૈદરાબાદ	રેસિડેન્ટ

૫ મધ્યપ્રાંત	નાગપુર	કમિશ્નર
૬ મધ્ય હિંદ એજન્સિ	ઇંદોર	રેસિડેન્ટ
૭ રજપુત સંસ્થાનો	શિરોહી	રેસિડેન્ટ
૮ પંજાબ ઇલાકો	લાહોર	લેફ્૦ ગવર્નર
૯ વાયવ્યપ્રાંત તથા ઔંદ	અલાહબાદ	લેફ્૦ ગવર્નર
૧૦ બંગાળા ઇલાકો	કલકત્તા	લેફ્૦ ગવર્નર
૧૧ આસામ પ્રાંત	ગૌહત્તી	કમિશ્નર
૧૨ બ્રહ્મદેશ	માંડલે	કમિશ્નર
૧૩ નેપાળ, ભુતાન વગેરે સ્વતંત્ર પહાડી રાજ્ય	ખટમંડુ	રેસિડેન્ટ
૧૪ પોર્તુગીઝ તથા ફ્રેંચનાં સંસ્થાનો	ગોવા પાંડીચરી	દરેકમાં તેના ગવર્નર.

વિભાગવાર વર્ણન.

૧ **મુંબઈ ઈલાકો**—આ ઈલાકાનું વર્ણન પ્રથમમાં લખ્યું છે તે જુઓ.

૨ **મદ્રાસ ઇલાકો**—એ મુંબઇ ઇલાકાની દક્ષિણે છે. એમાં ૫ પ્રાંત છે:—(૧) ઉત્તરસરકાર. (૨) કર્ણાટક. (૩) મલબાર. (૪) ત્રાવણકોર. (૫) કોચીન. **મુખ્ય શહેર**—મદ્રાસ એ દક્ષિણ હિંદુસ્તાન તથા આ ઇલાકાની રાજધાનીનું શહેર કોરોમંડળ કોસ્તાપર છે. એમાં ચાર લાખ માણસની વસ્તી છે. બીજાં શહેરો:—મચ્છલીપટ્ટણ, આર્કોટ, આર્ની, કદાલોર, બેલારી, વિજયાનગર, કોચીન, પાંડી-

ચરી, રાજમંદ્રી, રામેશ્વર, કલીકટ, ત્રિચિનાપલી, ત્રિવનદ્રામ, તંજાવર, નેલોર, કોઇમ્બેતુર, મેંગલોર, મલબાર ને મદુરા છે. **પર્વત**—પૂર્વઘાટ, પશ્ચિમઘાટ ને નીલગીરી છે. **નદીઓ**—ગોદાવરી, કૃષ્ણા, કાવેરી ને પનાર છે. **અખાત વગેરે**—મનારનો **અખાત**, એમાં મોતી પાકે છે; અરબીસમુદ્ર; ચિલકા તથા કોલરનાં સરોવર; ને કન્યાકુમારી ભૂશિર તથા પાકની સામુદ્રધુની છે. **દેશી રાજ્ય**—ત્રાવણકોર ને કોચીન છે.

૩ **મહિસુર તથા કુર્ગ પ્રાંત**—એ મદ્રાસ ઇલાકાથી ચોખાજુ ઘેરાયલો છે. **મુખ્ય શહેરો**—મહિસુર એ મહિસુર પ્રાંતની રાજધાની છે. અને મર્કારા એ કુર્ગ પ્રાંતની રાજધાની છે. બીજાં શહેરો—બેંગલોર, શ્રીરંગપટ્ટણ, હરીહરપુર, ને કોલાર છે. **પર્વત**—પૂર્વ પશ્ચિમઘાટ ને નંદીદુર્ગ છે. **નદીઓ**—કાવેરી, તુંગભદ્રા ને પલાર છે.

૪ **હૈદરાબાદ તથા વરાડ પ્રાંત**—એ મુંબઇ ઇલાકાના પૂર્વ તથા મદ્રાસ ઈલાકાના ઉત્તર સીમાડાપર છે. **મુખ્ય શહેર**—હૈદરાબાદ એ મુશી નદીપર નિઝામ સરકારની રાજધાની છે. બીજાં શહેરો—સિકંદરાબાદ, ઉમરાવતી, ઇલીચપુર, ઔરંગાબાદ, ગોવળકોંડા, આકોલા, દોલતાબાદ, જાલના, પૈઠણ, ઇલોરા ને બેદર છે. **પર્વત**—સાતપુડાનો છે. **નદીઓ**—તાપી, ગોદાવરી, માંજરા, પેનગંગા, ને પૂર્ણા છે.

૫ **મધ્ય પ્રાંત**—એ મદ્રાસ ઈલાકા તથા બંગાળા પ્રાંતની પશ્ચિમમાં છે. **મુખ્ય શહેર**—નાગપુર એ આ પ્રાંતની રાજધાની છે. બીજાં શહેરો:—જબલપુર, બરાનપુર, હીંગણઘાટ, કામ્તી, સાગર, દમોહ, ચંદા, નરસીંગપુર, હુસંગાબાદ, સંબલપુર વીલાસપુર, ને ખંડવા છે. **પર્વત**—સાતપુડા ને વિંધ્યાચળ છે. **નદીઓ**—નર્મદા, તાપી, મહા, વર્ધા ને પ્રાણુહીતા છે.

૬ **મધ્યહિંદ એજન્સિ**—એ હિંદુસ્તાનના મધ્ય ભાગે છે. **મુખ્ય ભાગ**—(૧) ગ્વાલીઅર અને પ્રાચીન માળવાનો ભાગ. એમાં મુખ્ય સિંધીઆ, હોલકર, ને ભોપાળનાં રાજ્ય છે. (૨) બુંદેલખંડ ને રેવા. એમાં બુંદેલખંડનાં કેટલાંક સંસ્થાનો અને રેવાનું મોટું રાજ્ય છે. **મુખ્ય શહેરો**—ગ્વાલીઅર એ સિંધીઆના રાજ્યની; ઈંદોર એ હોલકરના રાજ્યની; ભોપાળ એ ભોપાળના રાજ્યની; અને રેવા એ રજપુત રાજ્યની રાજધાનીનાં મુખ્ય શહેર છે. બીજાં શહેરો:—ઉજન એ શિપ્રા નદીપર વિક્રમાજીતની રાજધાની હતી. રતલામ, જાવરા, લશ્કર, મંદેસર, ચંદેરી, પન્ના, તહેરી, મંડળેશ્વર, મહુ ને નીમચ છે. **પર્વત**—વિંધ્યાદ્રિ છે. **નદીઓ**—નર્મદા, બતવા, સોન, સિંધ ને ચંબલ છે.

૭ **રજપુત સંસ્થાનો**—એ ગૂજરાતની ઉત્તરે ને પંજાબ ઇલાકા તથા સતલજ નદીની દક્ષિણમાં છે. **મુખ્ય શાહેરો**—અજમેર, ઉદેપુર, જયપુર, જોધપુર, ડુંગરપુર, ભરતપુર, ધોળપુર, નશીરાબાદ, શિરોહી, વિકાનેર, વાંસવાડા, પ્રતાપગઢ, ઝાલરાપટ્ટણ, નાથદ્વાર ને પુષ્કરજી છે. **પર્વત**—આબુ ને અરવલીના છે. **રણ**—જેસલમીર ને મારવાડનાં છે. **સરોવર**—સાંભરનું એ ખારૂં છે ને ઢેબરનું એ મીઠું છે. **નદીઓ**—મહી, સાબરમતી, લુણી, બનાસ ને ચંબલ છે. એમાં ૧૮ દેશી સંસ્થાનો આ પ્રમાણે છે:—રજપુત સંસ્થાને—૧ મેવાડ (ઉદેપુર). ૨ મારવાડ (જોધપુર). ૩ જયપુર. ૪ બુંદી. ૫ વિકાનેર. ૬ કોટા. ૭ કિરોલી. ૮ કિશનગઢ. ૯ જેસલમીર. ૧૦ અલવડ ૧૧ શિરોહી. ૧૨ ડુંગરપુર. ૧૩ વાંસવાડા. ૧૪ પ્રતાપગઢ. ૧૫ ઝાલાવાડ. **જાટ સંસ્થાનો**—૧૬ ભરતપુર. ૧૭ ધોળપુર. **મુસલમાની સંસ્થાન**—૧૮ ટોંક.

૮ **પંજાબ ઈલાકો**—એ રજપુત સંસ્થાનની ઉત્તરમાં છે. **મુખ્ય શાહેરો**—લાહોર એ આ ઇલાકાની રાજધાનીનું શહેર રાવી નદીપર છે. પેશાવર એ લશ્કરી મથક અફગાનીસ્તાનની સરહદપર આવેલું છે. એમાં કિલ્લો પણ છે. દિલ્લી એ મુસલમાન રાજાઓની રાજધાની જમના નદીપર છે. એમાં બાદશાહીમહેલ, જુમામસીદ અને કુતુબમીનારો જોવા

લાયક છે. ગૂજરાત એ ચીનાબ નદીપર છે. બીજાં શહેરોઃ—અમૃતસર, મુલતાન, જાલંધર, સીઆલકોટ, અંબાલા, ફીરોજપુર, કાશ્મીર, લેહ, મીથનકોટ, દેરાઈસ્માઇલખાન, દેરાગાઝીખાન, રાવળપીંડી, પાણિપત, મરી ને સીમલા છે. **પર્વત**—હિંદુકુશ, કારાકોરમ, શિવાલિક ને સુલેમાન છે. **નદીઓ**—સિંધુ, જેલમ, ચીનાબ, રાવી, બીઆસ, સતલજ, જમનાં ને કાબુલી છે. **દોઆબ**—પાંચ છેઃ—૧ સિંધસાગર દોઆબ એ સિંધુ ને જેલમની વચ્ચે છે. એમાં અટક, જેલમ ને રાવળપીંડી શહેરો છે. ૨ જેચ દોઆબ એ જેલમ ને ચીનાબની વચ્ચે છે. એમાં ગૂજરાત શહેર તથા ચીલીયનવાળા વગેરે છે. ૩ રેચના દોઆબ એ ચીનાબ અને રાવીની વચ્ચે છે. એમાં રામનગર છે. ૪ બારી દોઆબ એ રાવી ને બીઆસની વચ્ચે છે. એમાં લાહોર, અમૃતસર ને મુલતાન છે. ૫ જાલંધર દોઆબ એ બીઆસ અને સતલજની વચ્ચે છે. એ અતિ રસાળ દોઆબમાં જાલંધર, લુધ્યાના, ફીરોજપુર ને અંબાલા શહેરો છે. **ભાગ**—અંગરેજી મૂલકના ૪ ભાગ કર્યાછેઃ—૧ દિલ્લી જીલ્લો. ૨ સીમલાનો પહાડી મૂલક. ૩ જાલંધર દોઆબ ને કાંગડાનો મૂલક. ૪ લાહોર, અમૃતસર, પેશાવર ને મુલતાનની આસપાસનો મૂલક. **દેશીરાજય**—૧ કાશ્મીર એ રજપુતનું રાજય છે.

તેની રાજધાની કાશ્મીર કે શ્રીનગર એ જેલમ નદીપર છે. ૨ બાવલપુર એ નવાબનું રાજ્ય છે. ૩ પત્યાલા એ શીખ લોકોનું રાજ્ય છે. **સંસ્થાનો**—ઝીંદ, નભા, ફરીદકોટ, કપરથલા ને કલશીઆ એ પાંચે શીખ લોકોનાં સંસ્થાન છે.

૯ **વાયવ્ય પ્રાંતો તથા ઔંદ** (આગ્રા ઈલાકો)—એ રજપુત સંસ્થાન તથા પંજાબ ઇલાકાની પૂર્વમાં છે. પ્રથમ અયોધ્યાનો જે જુદો પ્રાંત હતો તેને હાલ આ પ્રાંતમાં મેળવ્યો છે. **મુખ્ય શહેરો**—અલહાબાદ એ આ પ્રાંતની રાજધાનીનું શહેર ગંગા જમનાના સંગમપર છે. અયોધ્યા એ શહેર ગોગ્રા નદીપર રામચંદ્રજીના જન્મ તથા રાજધાની સારૂ પ્રખ્યાત છે. મથુરાં એ જમનાંપર શ્રીકૃષ્ણની જન્મ ભૂમિ છે. લખનોર એ ગોમતીપર છે. આગ્રા એ મોગલ બાદશાહની રાજધાનીનું શહેર જમનાપર છે. એમાં તાજમહેલ તથા કિલ્લો બહુ જોવા લાયક છે. બીજાં શહેરોઃ— કાશી, બદ્રીનાથ, કાનપુર, મીરજાપુર, ગાજીપુર, અનુપશહર, ફતેગઢ ને કનોજ એ સર્વ ગંગાપર છે. કાલ્પી, ઇટાવા, ગોકુળ, વંદ્રાવન એ સર્વ જમનાંપર છે. **પર્વત**—હિમાલય, ગઢવાલ ને શિવાલિક છે. **નદીઓ**—ગંગા, રામગંગા, ગોમતી, ગોગ્રા ને જમનાં છે. એ સઘળી ગંગાને મળે છે. **દેશીરાજ્ય**—કાશી, રામપુર ને તેહરીનાં છે.

૧૦બંગાળા ઇલાકો—એ મધ્ય તથા વાયવ્ય પ્રાંતોની પૂર્વમાં છે. એમાં ચાર પ્રાંત છે. (૧) બંગાળા પ્રાંત એમાં **કલકત્તા** એ આખા હિંદુસ્તાન દેશની રાજધાનીનું શહેર હુગલી નદીપર છે. એમાં ૪૪૮૦૦૦ માણુસની વસ્તી છે પણ પરાંની મળી સુમારે નવલાખની થાય છે. બરાકપુર એ લશ્કરી મથક છે. એ પ્રાંતમાં બીજાં શહેર ઢાકા, મુર્શિદાબાદ, રાજમહાલ, રાણીગંજ, કૃષ્ણુનગર, મેદનીપુર, ને પ્લાસી છે. (૨) બહાર પ્રાંત એના તિરહુત, પાટણા ને ગયા એવા ત્રણ ભાગ છે. એનાં મુખ્ય શહેર પટણા, મોંગીર, ભાગલપુર, દીનાપુર ને દરભંગા છે. (૩) ઓરીસા (ઓઢીઆ) પ્રાંત એનું મુખ્ય શહેર કટક એ મહા નદીપર ને તેની દક્ષિણમાં જગન્નનાથ એ હિંદુઓનું મોટું તીર્થ છે. (૪) છોટાનાગપુર પ્રાંત એ બહાર અને ઓરીસા પ્રાંતની વચ્ચે છે. એમાં મુખ્ય શહેર રાંચી ને લોહદંગા છે. **પર્વત**—હિમાલય, રાજમહાલ, છોટાનાગપુર તથા ઓઢીઆના ડુંગર છે. **નદીઓ**—ગંગા—હુગલી, ભાગીરથી,—બ્રહ્મપુત્રા, વૈતરણી, સુવર્ણરેખા, રૂપનારાયણ ને મહાનદી છે. **સરોવર**—ચિલકા છે. **સંસ્થાનો**—સીકીમ, કુચબીહાર, દરભંગા ને ટીપરા એ દેશી છે. ચંદ્રનગર એ ફ્રેંચનું થાણું છે.

૧૧**આસામપ્રાંત**—એ બંગાળા પ્રાંતની પૂર્વ તથા ઉત્તરમાં છે. **મુખ્ય શહેર**—ગૌહત્તી એ રાજધાની બ્રહ્મપુત્રાપર છે. બીજાં શહેરો:—તેજપુર, સીલહટ ને રંગપુર છે. **પર્વત**—નાગ, ખાસ્યા ને ગારો છે. **નદી**—બ્રહ્મપુત્રા એ પૂર્વ પશ્ચિમ ગયેલી છે. આ દેશમાં જેટલો વરસાદ પડેછે તેટલો પૃથ્વીના કોઇ પણ ભાગપર પડતો નથી.

૧૨**બ્રહ્મદેશ**—એ આસામપ્રાંતની દક્ષિણે તથા ઇરાવતીની પશ્ચિમે છે. એ જુદો દેશ હતો. તેને સન ૧૮૮૫ માં હિંદુસ્તાન દેશ સાથે જોડી દીધો છે. **મુખ્ય શહેર**—માંડલે એ ઇરાવતીપર છે. બીજાં શહેરો:—રંગુન, આરાકાન, પેગુ, મૉકસોબા ને ટેનાસરીમ છે. **પર્વત**—યોમા છે. **નદીઓ**—ઇરાવતી, સીતાંગ ને તેનાસરીમ છે. ઇરાવતીની ખીણમાં કલાઇની ખાણો તથા કેરોશીન(ગ્યાસલેટ)ના ઝરા છે.

૧૩**સ્વતંત્ર પહાડી રાજ્યો**—એ ઉત્તરમાં છે. એમાં મુખ્ય નેપાળ, ભુતાન ને નાનાં રાજ્યમાં મણિપુર છે. **મુખ્ય શહેરો**— ખટમંડુ એ નેપાળની રાજધાની છે. ટયાસીટશુડન એ ભુતાનની રાજધાની છે. અને મણિપુર એ મણિપુરની રાજધાની છે. બીજાં શહેરો:— ગુરખા, મકવાનપુર ને જનકપુર છે. **પર્વત**—હિમાલય તથા તેનાં ઊંચામાં ઊંચાં શિખર એવરેસ્ટ (ગૌરીશંકર), ધવલગીરી ને કાંચીનગંગા એ આ દેશમાં છે. **નદીઓ**—કુશી, ગંડકી ને સરયુ અથવા ગોગ્રા છે.

૧૪ પોર્તુગીઝ તથા ફ્રેંચ સંસ્થાનો—પોર્તુગીઝનાં સાવંતવાડીનાં દક્ષિણે ગોવા, સુરતની દક્ષિણે દમણ અને કાઠીઆવાડની દક્ષિણે દીવ એ ત્રણ છે. એની રાજધાનીના મુખ્ય શહેર ગોવામાં તેમનો ગવર્નર રહેછે. ફ્રેંચ સંસ્થાનની રાજધાનીનું મુખ્ય શહેર પાંડીચરી એ મદ્રાસની દક્ષિણે છે. તેમાં તેમનો ગવર્નર રહેછે. ૨ યાનાન. ૩ કોરોમંડળ કોસ્તાપર કારીકલ. ૪ મલબાર કોસ્તાપર માહી. એ ચારે મદ્રાસ ઇલાકામાં છે. ૫ ચંદ્રનગર એ બંગાળામાં કલકત્તાની ઉત્તરે છે.

મુખ્યં પેદાસ—મીઠું, ખાર, કોયલા, લોઢું, ત્રાંબુ, રૂપુ, સોનું, મોતી, હીરા, રત્નાદિની ખનીજ પેદાસ, તથા કંદમૂળ, શાકભાજી, મરી, એળચી, તજ, લવીંગ, સોપારી, નાળીએર, ગોળ, ખાંડ, બીડી, કાથો, તંબાકુ, અફીણ, ગુંદર, રબર, લાખ, રૂ, ચા, કાફી, દેવદાર, ઓક, સાગ, સીસમ, બાવળ, આંબો, આંબલી, મવડો વગેરે વનસ્પતિ આદિ પેદાસ તથા તેલ, ઘી અને ઘઉં, ચોખા, બાજરી, જુવાર, કઠોળ વગેરે સઘળા પ્રકારનાં ધાન્યાદિની પેદાસ પણ આ દેશમાં પુષ્કળ થાયછે.

ખનીજસારૂ વખણાતાં શહેરો વગેરે—**હીરા, રત્ન ને સોના** સારૂ બુંદેલખંડ, પંજાબ, મહિસુર ને જયપુર; **કોયલા**સારૂ વરાડ, રાણીગંજ ને છોટાનાગપુર; **પના ને હીરા** સારૂ ગોવળકોંડા, જાલના તથા તેહરી; **લોઢા** સારૂ ઓઢીઆ વખણાય છે.

મુખ્ય નદીઓ તથા તેપરનાં શાહેરો.

નદીઓ શાહેરો.

બ્રહ્મપુત્રા—ગૌહત્તી, તેજપુર, ઢાકા, જમાલપુર, વિશ્વનાથ.
ગંગા—બદ્રીનાથ, હરદ્વાર, પ્રયાગ, કાશી, પટણા.
જમના—પાણિપત, દિલ્લી, આગ્રા, ગોકુળ ને મથુરાં.
સિંધુ—લાડક, પેશાવર, અટક, કાલાબાગ, દેરાઇસ્મા-
ઇલખાન, દેરાગાઝીખાન, મીથનકોટ, હૈદરાબાદ,
કરાંચી, ટ્ઠ્ઠા, શિકારપુર, સક્કર, બક્કર ને રોરી.
ગોદાવરી—નાશક, ઔરંગાબાદ, રાજમંદ્રી, યાનાન, પૈઠણ.
નર્મદા—જબલપુર, મંડળેશ્વર, ભરૂચ, ચાંણોદ, નાંદોદ.
તાપી—બરાનપુર, ઈલીચપુર, ભુશાવલ, સુરત, રાંદેર.
કૃષ્ણા—કન્હાડ, મચ્છલીપટ્ટણ, સાંગલી, મીરજ, જમખંડી
મહાનદી—સંબલપુર, કટક, જગન્નનાથપુરી.
કાવેરી—શ્રીરંગપટ્ટણ, ત્રીચીનોપલી, ત્રાંકવીબાર, તંજાવર.
મહી—લુણાવાડા, ખંભાત.
સાબરમતી—સાદરા, અમદાવાદ.
સતલજ—સીમલા, લુધ્યાના, ફીરોજપુર, ભાવલપુર.
હુગલી—કલકત્તા, શ્રીરામપુર.
ભાગીરથી—પટણા, મોંગીર, મુર્શીદાબાદ, ભાગલપુર.
ગોગ્રા—અયોધ્યા, અકબરપુર, સલીમપુર.
ગોમતી—લખનોર, ફૈજાબાદ.
ઇરાવતી—માંડલે, રંગુન, અમરપુર ને આવા.

મુખ્ય નદીઓનાં મૂળ તથા મુખ વગેરે.

નામ.	ક્યાંથી નીકળેછે.	કોને મળે છે.	લાંબી મૈલ	કયા કયા દેશમાં વહેછે.
સિંધુ	હિમાલય પર્વતમાંથી	બંગાળાના	૧૮૦૦	આસામ, બંગાળા ને સિંધમાં.
બ્રહ્મપુત્રા	,,	ઉપસાગરને	૧૮૦૦	કાશ્મીર, પંજાબ ને સિંધમાં.
ગંગા	,,	,,	૧૫૧૪	વાયવ્યપ્રાંત, ને બંગાળામાં.
ગોદાવરી	સહ્યાદ્રિ પર્વતમાંથી	,,	૮૯૮	મહારાષ્ટ્ર ને ઉત્તરસરકારમાં.
કૃષ્ણા	,,	,,	૮૦૦	મહારાષ્ટ્ર ને ઉત્તરસરકારમાં.
મહાનદી	બસ્તરના ડુંગરમાંથી	,,	૫૨૦	મધ્યપ્રાંતો ને ઓઢીઆમાં.
કાવેરી	સહ્યાદ્રિ પર્વતમાંથી	,,	૪૭૨	મહિસુર ને કર્ણાટક પ્રાંતમાં.
નર્મદા	સાતપુડાપર્વતમાંથી	ખંભાતના	૮૦૦	મધ્યપ્રાંત ને ભોપાળ વગેરેમાં.
તાપી	સાતપુડાપર્વતમાંથી	અખાતને	૪૪૧	મધ્યપ્રાંત, ને ગૂજરાતમાં.
મહી	માળવાના ડુંગરમાંથી	,,	૩૫૦	માળવા ને ગૂજરાતમાં.
સાબરમતી	મેવાડના ડુંગરમાંથી	,,	૨૦૦	ગૂજરાતમાં.
ભાદર.	મહાવનના ડુંગરમાંથી	,,		કાઠીઆવાડમાં.

પૃથ્વીના મુખ્ય ભાગ.

પૃથ્વી ગોળ હોવાથી તેના બે ભાગ પડયા છે. તેમાંના એકને પૂર્વ અથવા ઉત્તરગોળાર્દ્ધ કહેછે; અને બીજાને પશ્ચિમ અથવા દક્ષિણગોળાર્દ્ધ કહેછે. વળી પૂર્વ ગોળાર્દ્ધને પૂર્વ કે જુનો તથા પશ્ચિમગોળાર્દ્ધને પશ્ચિમ કે નવો મહાદ્વીપ કહેછે. નવા મહાદ્વીપ કરતાં જુના મહાદ્વીપમાં જમીન વધારે છે. એ બંને મહાદ્વીપમાં જે જમીન છે તેને પાંચ ભાગમાં વહેંચીને પ્રત્યેક ભાગને જેમ ખંડ કહેછે, તેમ તે માંહેના પાણીના પણ પાંચ ભાગ કલ્પી પ્રત્યેક ભાગને મહાસાગર કહેછે. પૂર્વ મહાદ્વીપમાં એશિઆ, યુરોપ, અને આફ્રિકા એ ત્રણ ખંડ છે. તેને જુની ભૂમિ કહેછે કેમકે અસલથી જ એકબીજા ખંડના રહેવાસીઓને તેની ખબર છે. પશ્ચિમ મહાદ્વીપમાં (ઉત્તર તથા દક્ષિણ) અમેરિકા એ એક જ ખંડ છે. તેને નવી ભૂમિ કહેછે કેમકે જીનોઆ શહેરના કોલંબસ નામના વહાણવટીએ સન ૧૪૯૨ માં સ્પેન દેશના રાજાની સહાયતાએ આજથી ચારસો વરસપર તેને શોધી કાઢયો હતો. એ ચાર ખંડ સિવાય અમેરિકાનો શોધ થયા પછી પાંચમો ખંડ માલમ પડયો છે તેને આસ્ટ્રેલિઆ અથવા ઓશિયાનિયા કહેછે. તે પાસિફિક મહાસાગરના સઘળા બેટ મળીને થયેલો છે. એ એશિઆ ખંડની અગ્નિ કોણમાં છે. એને કેટલાક ત્રીજો મહાદ્વીપ પણ કહેછે. એ પ્રમાણે સઘળા મળીને પૃથ્વીપર પાંચ ખંડ છે.

મહાસાગર.

પૃથ્વીપરનું સઘળું ખારૂં પાણી એકાકાર છે માટે વાસ્તવિક જોતાં તે એક જ મહાસાગરછે અને તેથી સઘળી જમીન ઘેરાયલી છે. પરંતુ વર્ણન કરવાની સરળતાના સબબથી તેના પાંચ ભાગ કલ્પેલા છે. તેના પ્રત્યેક ભાગને મહાસાગર કહેછે; તે નીચે પ્રમાણે આવેલા છે.

(૧) પાસિફિક—અમેરિકા ને એશિઆની વચ્ચે છે. તે ઘણું કરીને શાંત માલમ પડેછે તેથી તેને પાસિફિક મહાસાગર કહેછે. તે સર્વથી મોટા છે. પૃથ્વીની સપાટીપર જેટલી જમીન છે તે કરતાં પણ તેનો વિસ્તાર ઓહોળો છે.

(૨) આટલાન્ટિક—અમેરિકાની પૂર્વે ને યુરોપ તથા આફ્રિકા ખંડની પશ્ચિમે છે. તે આટલાસ પર્વતની પાસે હોવાથી તેને આટલાન્ટિક મહાસાગર કહેછે.

(૩) હિંદી—એશિઆ ખંડની દક્ષિણે છે. તે હીંદુસ્તાન દેશની પાસે હોવાથી તેને હિંદીમહાસાગર કહેછે.

(૪) ઉત્તર—ઉત્તરધ્રુવની આસપાસ છે. તે ઉત્તરમાં હોવાથી તેને ઉત્તરમહાસાગર કહેછે.

(૫) દક્ષિણ—દક્ષિણધ્રુવની આસપાસ છે. તે દક્ષિણમાં હોવાથી તેને દક્ષિણમહાસાગર કહેછે.

એશિઆ ખંડ.

(સામાન્ય વર્ણન.)

સીમા—પૂર્વગોળાર્દ્ધમાં એશિઆ એ પાંચે ખંડમાં મોટો છે. એની ઉત્તરે ઉત્તરમહાસાગર; પશ્ચિમે યુરલ તથા કોકેસસ પર્વત અને કાસ્પિઅન તથા ભૂમધ્ય સમુદ્ર અને સ્વેજની નહેર તથા કાળોસમુદ્ર છે; દક્ષિણે હિંદીમહાસાગર અને પૂર્વમાં પાસિફિક મહાસાગર છે.

વિસ્તાર—એશિઆ ખંડની ઉત્તર દક્ષિણ લંબાઇ સુમારે ૫૩૦૦ મૈલ અને પૂર્વ પશ્ચિમ પહોળાઇ ૫૬૦૦ મૈલ છે. એનું ક્ષેત્રફળ પોણાબે કરોડ ચોરસ મૈલ છે.

વસ્તી—એશિઆ ખંડના લોકોની સંખ્યા સુમારે પોણો અબજ છે.

શાહેરો—દિલ્હી, આગ્રા, પ્રયાગ, કાશી, લખનોર, સુરત, અમદાવાદ, માંડલે, આરાકાન, કંદહાર, ગીજની, તહેરાન, મક્કા, પેકીન, લાસા, જેડો, તોબોલસ્ક, સમરકંદ, સ્મીર્ના, બગદાદ, અર્જરૂમ, ને દમાસકસ વગેરે.

બંદરો—કલકત્તા, મદ્રાસ, કરાંચી, કારવાડ, પાંડીચરી, રંગુન, કોલંબો, મસ્કત, ત્રેબિઝાંડ ને એડન.

બેટ—હિંદુસ્તાનની પશ્ચિમે મુંબઇ; દક્ષિણે રામેશ્વર ને સીલોન તથા નૈરૂત્યમાં લક્ષદ્વીપ ને માલદ્વીપ એ સઘળા હિંદીમહાસાગરમાં છે. સૈપ્રસ ને રોહોડસ એ ભૂમધ્ય સમુદ્રમાં છે. સીંગાપોર અને પીનાંગ એ મહા-

કાની સામુદ્રધુનીમાં છે. સિવાય સુમાત્રા, જાવા, જાપાન, નિફોન વગેરે છે.

દ્વીપકલ્પ—એશિઆની દક્ષિણે હિંદુસ્તાન. વાયવ્યે એશિઆમાઇનર ને પશ્ચિમે અરબસ્તાન છે. સિવાય મલાયા, કોરીઆ અને કામસ્કાટકા વગેરે છે.

ભૂશિર—હિંદુસ્તાનની દક્ષિણે કોમોરીન (કન્યા-કુમારી); બ્રહ્મદેશની પશ્ચિમે નીગ્રેસ; કામસ્કાટકાની દક્ષિણે લોપાટકા ને સેબીરીઆની ઇશાને પૂર્વભૂશિર છે.

સંયોગીનેહર—સ્વેજની નહેર. એથી રાતો ને ભૂમધ્યસમુદ્ર તથા એશિઆ અને આફ્રિકાખંડ જોડાયાછે.

સંયોગી ભૂમિ—ક્રોની એ શિઆમ ને મલાયાની વચ્ચે છે.

પર્વત—હિમાલય, સાતપુડા, સહ્યાદ્રિ, હિંદુકુશ, કૈલાસ, કારાકોરમ, આરેરાટ, યુરલ, કોકેસસ, આલતાઇ અને લેબનોન વગેરે છે.

મહાસાગર—હિંદીમહાસાગર એ એશિઆખંડની દક્ષિણે છે.

સમુદ્ર—અરબસ્તાનની પશ્ચિમમાં રાતોસમુદ્ર; કોરીઆ તથા ચીનની વચ્ચે પીળોસમુદ્ર; તુરકસ્તાનની ઉત્તરમાં કાળોસમુદ્ર; હિંદુસ્તાન ને અરબસ્તાનની વચ્ચે અરબીસમુદ્ર; એશિઆની વાયવ્યમાં મારમોરાનો સમુદ્ર; કામસ્કાટકાની પૂર્વમાં કામસ્કાટકાનોસમુદ્ર; ઈરાનની ઉત્તરે કાસ્પિઅનસમુદ્ર; ચીનની દક્ષિણમાં ચીનાઇ સમુદ્ર અને એશિઆમેનરની દક્ષિણમાં ભૂમધ્યસમુદ્ર છે.

અખાત—હિંદુસ્તાન ને સિંહલદ્વીપની વચ્ચે મનારનો; અરબસ્તાન અને ઈરાનની વચ્ચે ઇરાનનો; બ્રહ્મદેશની પશ્ચિમમાં માર્ટાબાનનો; શિઆમની દક્ષિણે શિઆમનો; સૈબીરીઆની ઉત્તરે ઓબીનો; અને આફ્રિકા તથા અરબસ્તાનની વચ્ચે અરબીઅખાત છે.

સામુદ્રધુની—સિંહલદ્વીપ ને હિંદુસ્તાનની વચ્ચે પાકની; જાપાન ને કોરીઆની વચ્ચે કોરીઆની; મલયા ને સુમાત્રાની વચ્ચે મલાક્કાની; અને એશિઆ તથા અમેરિકાની વચ્ચે બેહરીંગની સામુદ્રધુની છે.

નદીઓ—સિંધુ, બ્રહ્મપુત્રા, ગંગા, ઇરાવતી, હેલમંદ, યુફ્રેતીસ, સીહુન, યુરલ, ઓબી, પેહો, હોઆંગહો ને યાંગસેક્યાંગ વગેરે.

ધર્મસ્થળો—મક્કા એ મુસલમાનોનું; જેરૂસલમ એ ખ્રીસ્તિ તથા યાહુદીઓનું અને લાસા એ બૌદ્ધ લોકોનું ધર્મસ્થળ છે. સિવાય બીજી કોમનાં પાછળ આવ્યાં છે.

દેશ—એશિઆ ખંડમાં ૧૨ દેશ છે. તેનું દેશવાર વર્ણન નીચે પ્રમાણે છે:—

૧ **હિંદુસ્તાન**—આ દેશનું વર્ણન પ્રથમ કર્યું છે તે જુઓ.

૨ **સિંહલદ્વીપ**—આ દેશ હિંદુસ્તાનની દક્ષિણમાં છે. એની રાજધાની કોલંબો એ પશ્ચિમ કિનારાપર બંદર છે. **બંદર**—ઉત્તરમાં પાઇંટપેડ્રો, ઇશાનમાં ત્રિકોમાલી, દક્ષિણમાં પાઇન્ટડીગાલ ને વાયવ્યમાં એરીપોબંદર છે. **બેટ**—શ્વેતબિંદુરામેશ્વર ને

મનાર છે. **પર્વત**-આદમની ટેકરી, અલીઆ ને પેદ્રાતાલા છે. **નદી**-મહાવીલ્લી ને કાવાની ગંગા છે.

૩ **અફગાનીસ્તાન**-આ દેશની રાજધાની કાબુલ એ કાબુલી નદીના કાંઠાપર છે. બીજાં શહેરોઃ-ગીજની, કંદહાર, ઇસ્તલાફ ને હિરાટછે. **પર્વત**-હિંદુકુશ ને પેરોપેમીસસ એ ઉત્તરમાં છે. **સરોવર**-હામુન છે. **નદી**-હેલમંદ ને કાબુલી છે.

૪ **બલુચિસ્તાન**-આ દેશની રાજધાની ખીલાત એ સરહદપર છે. બીજાં શહેર કુવેટા, ને શહારવાન છે. **પર્વત**-પબ, હાલા ને બોલન છે. **નદી**-બોલન ને પુરાલી છે.

૫ **ઈરાન**-આ દેશની રાજધાની તહેરાન છે. બીજાં શહેરોઃ-ઇસ્પાન, યજદ, અસ્તરાબાદ, તબ્રીજ, મશદ ને કર્માન છે. શીરાજમાં સાદી તથા હાજી નામે પ્રખ્યાત કવિ જન્મ્યા હતા. **બેટ**-કરક, કીશમ ને હોર્મજ છે. **પર્વત**-અલબર્જ એ ઉત્તરમાં છે. **સરોવર**-બફ્રેગાન. **નદી**-કારૂન ને કરાસુ છે તે બંને ઇરાની અખાતને મળેછે.

૬ **અરબસ્તાન**-આ દેશની રાજધાની મક્કામાં મહમદ પેગંબર સન ૫૬૯માં જન્મ્યો હતો. ને મદીનામાં સન ૬૩૨ માં મરણ પામ્યો હતો તેથી ત્યાં તેની ઘોર છે. **બંદરો**-મોખા, મસ્કત, જીદ્દા ને એડન છે. **બેટ**-સુકોત્રા અને બેહરીનનો એ પૂર્વમાં છે. **ભૂશિર**-રાસઅલહદની એ અગ્નિ કોણમાં છે. **પર્વત**-હોરબ છે. **સમુદ્ર**-રાતો તથા અરબીસમુદ્રછે.

૭ **તુરકસ્તાન**—આ દેશની રાજધાની સ્મર્ના એ યુરોપના વેપારનું પણ મથક છે. બીજાં શહેરોઃ—દમાસ્કસ, જેરૂસલમ, આલેપો, બગદાદ, બસરા ને ત્રેબીઝાંડ છે. **બેટ**—લીરમોન, સામોસ ને સૈપ્રસ છે. **પર્વત**—લીબનાન, કોકેસસ ને તૌરસ છે. **સરોવર**—વાન ને દેદસી કે મૃત છે. **નદી**—યુફ્રેતીસ ને તાઇગ્રીસ એ તોરસ પર્વતમાંથી નીકળી ઇરાનીઅખાતને મળેછે.

૮ **તાતાર**—આ દેશની રાજધાની બુખારા એ મુસલમાની વિદ્યા સારૂ પણ પ્રખ્યાતછે. બીજાં શહેરોઃ—ખોકંડ, કાશગર, ખીવા ને યારકંડ છે. **પર્વત**—હિંદુકુશ, બોલોર ને થીઆનશાન છે. **સરોવર**—કારપીઅન, લોબનોર બલ્કશ કે તેંગ્રિજ ને અરલ વગેરે છે. **રણ**—મધ્યમાં ગોબીનું મોટું રણ છે. **નદી**—આમૂ ને સિહુન છે. એ બંને અરલ સરોવરને મળેછે.

૯ **રૂશિઆ**—આ દેશની રાજધાની તોબોલસ્ક એ ઇરતીસ નદીપર છે. બીજાં શહેરોઃ—તિફ્લીસ એ કર નદીપર અને ઇર્કૂતસ્ક એ યેનીસી નદીપર છે. સિવાય સમરકંદ, તાશકંદ, ખોકન, મર્વ ને એરીવાન છે. **બેટ**—પૂર્વમાં કયૂરાઇલ ને સઘેલ્યન છે. **પર્વત**—યુરલ ને આલ્તાઈ છે. **સરોવર**—બૈકાલ, એ પૃથ્વીપર મીઠાપાણીનું મોટામાં મોટું છે. **નદી**—યુરલ, આમૂર અને ઓબી, યેનેસી, લીના. તેમાં છેલ્લી ત્રણ આલ્તાઇ પર્વતમાંથી નીકળી ઉત્તરમહાસાગરને મળે છે.

૧૦**જાપાન**—આ દેશની રાજધાની યદો એ નિફોન બે-
ટમાં છે. બીજાં શહેરો—મિયાકો, આસોકા, હાકો-
દાદી ને હિઆગો છે. **બેટ**—નિફોન ને યસો છે.
બંદર—નાગાસાકી, કાનાગાવા ને નિમેગાતા છે.
ભૂશિર—પૂર્વમાં કીંગ નામે છે.

૧૧**ચીન**—આ દેશની રાજધાની પેકીન એ પેઈહો નદી
પર છે. બીજાં શહેર—નાનકીન એ યાંગસેકયાંગ
નદીપર છે. એ શહેરમાં જગપ્રસિદ્ધ એક મિનારો
છે. સિવાય શુચુ, આમોય ને નિંગપો છે. **બંદર**—
કંતાન ને શાંગહાય છે. **બેટ**—દક્ષિણમાં હૈનાન,
હાંકકાંગ, મકાઉ, લૂચુ, ને પૂર્વમાં ફોરમોસા છે.
પર્વત—યુનલિંગ, નાનલિંગ ને તાપાલિંગ છે. **સ-
રોવર**—તંતિગહુ ને પોયાંગહુ છે. **નદી**—પેઈહો,
કંતાન, હોઆંગહો ને યાંગસેકયાંગ એ સર્વ યુનલિંગ
પર્વતમાંથી નીકળીને પાસિફિક મહાસાગરને મળે
છે. આ દેશમાં સુમારે ૪૮ કરોડ માણસની વસ્તી
છે. લોકો ઘણા ઉદ્યોગી ને હુન્નરી છે.

૧૨**તિબેટ**—આ દેશની રાજધાની લાસા એ સાંપુ અ-
થવા બ્રહ્મપુત્રા નદીપર છે. **પર્વત**—કૈલાસ ને હિમા-
લય છે. **સરોવર**—પાલટે, તેગ્રીનુર, રાવણહૃદ ને
માનસ છે. **નદી**—સિંધુ, બ્રહ્મપુત્રા, હોઆંગહો ને
યાંગસેકયાંગ છે. એ સઘળી આ દેશમાંથી નીકળી
અરબીસમુદ્રને મળેછે. **મેદાન**—સાંપુ તથા સિંધુ
નદીનું અને ભુતાનની ઉત્તરે ઝયાસુ નામે છે.

સુંદરીગુણમંદિર.

કીમત ૦-૧૦-૦ બીજી આવૃત્તિના મત. ટપાલ ૦-૧-૦

કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ. સી. આઈ. ઈ.-"સુંદરી ગુણમંદિર"ની બીજી આવૃત્તિ ઘણી સરસ છે.

આનરેબલ સરદાર રાવબહાદુર બહેચરદાસ વિહારીદાસ દેસાઈ-પુસ્તક વાંચી જોતાં તે સ્ત્રી વર્ગને ઘણુંજ ઉપયોગી નીતિવાન કરે એવું છે. આવાં સ્ત્રીવર્ગને નીતિ તેમ જ વ્યવહારિક રીતિ શીખવે એવાં પુસ્તકો ગુજરાતીમાં થવા જરૂર છે.

રાવસાહેબ ગણપતરામ અનુપરામ ડે० એ० ઇ० સોરઠ-આર્ય જનમંડળના દરેક વર્ગમાં એ ગ્રંથ પ્રસરવાની જરૂર છે; અને ઉચ્ચ-નીચ દરેક સ્થિતિના માણસના ગૃહ-કુટુંબમાં એનો પ્રવેશ થવાની અગત્ય છે. દરેક કન્યાશાળામાં તમારા પુસ્તકનું પુષ્કળ 'પિષ્ટ-પેષણ' થવું જોઇએ.

રાવબહાદુર મોતીલાલ ચુનીલાલ ખેડા જીલ્લાના ડિ० ડે० કલેક્ટર-ઉછરતી તેમ જ અભણ પ્રૌઢ અબળાઓને "સુંદરી ગુણમંદિર" ઘણુંજ ઉપયોગી પુસ્તક છે અને તે કન્યાશાળાઓમાં ઉપલા વર્ગમાં અને ફિમેલ ટ્રેનિંગ કાલેજમાં બેશક દાખલ કરવા લાયક છે.

"કાઠીઆવાડ ટાઇમ્સ"-આ પુસ્તકમાટે કેળવણી ખાતાના વિદ્વાન્ સત્તાવાળાઓએ તથા દેશી વર્ત્તમાનપત્રોએ એક સ્વરે પસંદગી બતાવેલી હોવાથી તથા સ્ત્રીજાતિને નીતિનો બોધ આપનારૂં પુસ્તક હોવાથી અમારી ખાત્રી છે કે સુજ્ઞ ગૃહસ્થો આવાં પુસ્તકોને બનતું ઉત્તેજન આપવા ઘટીત ધારશે.

"પ્રિયંવદા"—આ ગ્રંથની બીજી આવૃત્તિ થયેલી જોઇ સંતોષ થાય છે કે એવા ઉપયોગી ગ્રંથનો જેટલો ખપ થવો જોઇએ તેટલો થતો જાયછે ગ્રંથ નિરંતર મનન કરવા યોગ્ય છે.

"જ્ઞાનવર્ધક"—આ પુસ્તક દરેક સ્ત્રીએ વાંચી અભ્યાસ કરવા જોગ બાબદોથી ભરપુર છે. પારસી સ્ત્રીઓ માટે આવું એકે પુસ્તક નથી તેથી તેઓએ તો જરૂર લાભ લેવો જોઇએ.

"સુંદરીગુણમંદિર"ના કર્ત્તાને ત્યાં મળતાં પુસ્તકો.

પુસ્તકનાં નામ.	કીમત.	ટપાલ.
સુંદરી ગુણ મંદિર. (બીજી આવૃત્તિ.)	૦—૧૦—૦	૦—૧—૦
મુંબઇની ભૂગોળ.	૦—૧—૦	૦—૦—૬
ભૂગોળ (મુંબઈ ઇલાકા તથા હિંદુસ્તાનના વિશેષ અને એશિઆ ખંડના સામાન્ય વર્ણન સહિત.)	૦—૩—૦	૦—૦—૬
બાળ સુબોધ પુસ્તક ૩ જું ...	૦—૮—૦	૦—૦—૬
વૈષ્ણવ ગુરૂ ધર્મ કર્મ	૦—૬—૦	૦—૦—૬
પાકેટ ડાયરી (નાની)	૦—૬—૦	૦—૦—૬
ઓરીસ ડાયરી (મોટી)	૦—૮—૦	૦—૧—૦
સિકંદર નામું. (બીજી આવૃત્તિ.) ...	૧—૪—૦	૦—૧—૦
સુબોધ સંગ્રહ.	૦—૧૨—૦	૦—૧—૦
પરમપદબોધિની (બીજી આવૃત્તિ.)	૧—૪—૦	૦—૧—૦
ગોરક્ષક ગરબાવળી	૦—૧—૦	૦—૦—૬
ડાયરી અથવા નિત્ય નોંધ	૦—૮—૦	૦—૧—૦

પંડિતવર્ય શ્રીગટ્ટુલાલજી કૃત.

નીતિદર્શન.	૦—૪—૦	૦—૦—૬
સમશ્લોકી શ્રીમદ્ભગવદ્ગીતા ...	૧—૦—૦	૦—૨—૦
બ્રહત્કથા સાર લંબક પહેલો ...	૨—૪—૦	૦—૨—૦
હૃદયદ્રુતસાર.	૦—૪—૦	૦—૦—૬
સુમનોવિનોદ.	૧—૦—૦	૦—૨—૦

ભૂલેશ્વર પાસે, મુંબઇ. } **મહાસુખરામ હરગોવિંદદાસ.** "સુંદરીગુણમંદિર" વગેરેનો કર્ત્તા.